॥ વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો ॥

# ॥ અધ્યાત્મ ॥

**(આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું માસિક)**

**સંસ્થાપક :** પરમ પૂજ્ય યોગેશ્વરજી

**પ્રકાશક :** સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ

**આદ્ય તંત્રી :** શ્રી નારાયણ જાની
**તંત્રી :** શ્રી તરલા દેસાઈ, ડૉ. અરુણા ઠાકર
**મુદ્રણ :** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG 167,
આનંદનગર, ભાવનગર-૫ ફોન નં. ૯૪૨૬૬૫૬૫૫૧
**લેખો મોકલવાનું સ્થાન :** ૩૦૧/મૂર્તિધામ ડ્રીમ્સ, ભગવતી નર્સરીની બાજુમાં,
ડી.કે.પટેલ હોલ સામે, નારણપુરા, અમદાવાદ-૧૩
ફોન : ૯૪૨૬૩૪૭૩૪૪
અધ્યાત્મ' ઈમેઈલ એડ્રેસ : avgohil1@gmail.com P.9428222357
વેબ સાઈટ 'SWARGAROHAN.ORG'
ગ્રાહકોને 'ગ્રાહક નંબર' સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે.
આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.
છૂટક નકલ ૮-૦૦। આજીવન **૨૫૧**/–
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦**/–। આજીવન **૧૬,૫૦૦**/–
'અધ્યાત્મ'માં અધ્યાત્મવિષયક લેખો, ભજનો, ગીતો આવકાર્ય છે.
'અધ્યાત્મ'નું વાર્ષિક લવાજમ બંધ કરેલ છે. તેને બદલે નવા બનનાર ગ્રાહકે ઓછામાં આછા બે વર્ષનું લવાજમ રૂા. ૫૦/– ભરવાનું રહેશે.
આ લવાજમ ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલવાનું રહેશે :

**સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ**
'સ્વર્ગારોહણ', દાંતા રોડ, **અંબાજી.** તા. દાંતા, જી : બનાસકાંઠા
પિન કોડ : ૩૮૫૧૧૦ ફોન નં. ૦૨૭૪૯-૨૬૨૨૬૯

## ॥ વિશિષ્ટ સહયોગ ॥

શ્રીવસંતભાઈ, શ્રીગુલાબબેન ઘણાં ઘણાં વરસોથી પનામા દેશમાં વસ્યા. પૂ.શ્રી ગુરુદેવપ્રભુનાં એક જ વાર દર્શન ૧૯૮૩ માર્ચમાં કર્પૂરવનમાં પામ્યા. સત્સંગ બીજ વવાયાં. આજે તો તે વટવૃક્ષ બની અનેકને શીતળ છાંયડી ધરી રહ્યું છે.

શ્રીદિવ્યેશભાઈ-બીનાબેન યુવાભક્તદંપતી એ વટવૃક્ષ નીચે સત્સંગની શ્રેષ્ઠ પરબ માંડી સૌના સહયોગથી શ્રેષ્ઠ સત્સંગકેન્દ્ર દ્વારા સૌને તૃપ્ત કરી રહ્યાં છે. સૌને અભિનંદન.

પનામાના સર્વ સત્સંગી સભ્યોના સહયોગથી આ અંક જનસમાજને અર્પણ કરી રહ્યાં છે.

આભાર. ધન્યવાદ.

–'મા' સર્વેશ્વરી

॥ ૐ યોગેશ્વરાય નમઃ ॥
॥ ૐ મા સર્વેશ્વર્યૈ નમઃ ॥

# 'શિક્ષક'-વિશેષાંક

જિંદગી શીખવાનું પર્વ છે અને જીવનની પ્રત્યેક ક્ષણ શિક્ષક છે.



# અનુક્રમ


| | | |
|---|---|---|
| નિવેદન | | ૫ |
| શ્રી યોગેશ્વરજી કથામૃત | 'મા' સર્વેશ્વરી | ૮ |
| શિક્ષક કેવો હોવો જોઈએ ? | વિમલા ઠકાર | ૧૨ |
| સાચી કેળવણી : તમારી માંહ્યલી સંપત્તિ | 'ઓશોનું કેળવણી દર્શન | ૧૯ |
| બાળક : પ્રભુનું સ્વરૂપ | ,, | ૨૧ |
| બાળકને ગંભીરતા ન શીખવો | ,, | ૨૩ |
| બાળક પ્રામાણિક હોય છે | ,, | ૨૪ |
| બાળકની સરખામણી ન કરો | ,, | ૨૫ |
| બાળકને તમારી કાર્બનકોપી ન બનાવો | ,, | ૨૬ |
| અધ્યાત્મના પ્રબોધક : શ્રી યોગેશ્વરજી | સંપાદન | ૨૮ |
| શિક્ષણાનુરાગી : સરોજબહેન ('મા') | સંપાદન | ૩૨ |
| ગુજરાતીના પ્રાધ્યાપક : ઉમાશંકર જોશી | સંકલન | ૩૫ |
| સંસ્કૃતના અધ્યાપક : પ્રૉ.એ.જી.ભટ્ટ | ,, | ૩૮ |
| અંગ્રેજીના પ્રાધ્યાપક : ફિરોઝ દાવર | ,, | ૪૦ |
| અંગ્રેજીના પ્રાધ્યાપક : એસ.આર.ભટ્ટ | ,, | ૪૩ |
| અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક : એસ.વી.દેસાઈ | ,, | ૪૬ |
| રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક : ડૉ.આર.ડી.દેસાઈ | સંકલન | ૪૮ |
| સંસ્કૃતના શિક્ષક : પાંડુરંગ (શ્રી રંગ અવધૂત) | સંકલન | ૫૦ |
| ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક : તીર્થરામ (રામતીર્થ) | સંકલન | ૫૩ |
| સાચા કેળવણીકાર : શ્રીમોટા | સંકલન | ૫૫ |
| સનાતન પ્રેમીની શોધ | શ્રી બાપજી | ૫૭ |
| 'ગુરુપૂર્ણિમા'નો અહેવાલ | શ્રી રાજુભાઈ જાની | ૬૨ |


**॥ ઋણ સ્વીકાર ॥**

સંપાદક : સ્વામી આનંદવૈરાગ્ય, અનુવાદ : અમૃત ચૌધરી, સહ અનુવાદ : વાડીભાઈ જોશી, ડિવાઈન પબ્લિકેશન.

'આવિષ્કાર' અંક, પ્રકાશક : આચાર્ય શ્રી વી. બી. પટેલ

## નિવેદન : 'ફૂલને ખીલવા આકાશ જોઈએ.'

'અધ્યાત્મ'ના સપ્ટેમ્બરના અંક વિશે વિચારવા જતાં સ્વાભાવિક રીતે જ '૫ સપ્ટેમ્બર' પર મન કેન્દ્રિત થઈ ગયું. સમગ્ર વિશ્વમાં 'આંતરરાષ્ટ્રીય શિક્ષકદિન' તરીકે ઊજવાતી '૫ ઑક્ટોબર' આપણા ભારતમાં કેમ '૫ સપ્ટે.' રૂપે નિર્ધારિત થઈ એનું રહસ્ય જાણવા જતાં માલૂમ પડ્યું કે, આપણા એકવારના પ્રતિભાવંત રાષ્ટ્રપતિ, શ્રેષ્ઠ ફિલોસોફર, ઉત્તમ કેળવણીકાર અને ઉમદા શિક્ષક ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિન (૫ સપ્ટે.) ઉજવવાની અનુમતિ લેવા કેટલાક વિદ્યાર્થીઓ તેમજ મિત્રો એમની પાસે ગયા ત્યારે એમણે કહ્યું; 'મારા જન્મદિન તરીકે નહીં પણ એ દિવસ જો તમે 'શિક્ષકદિન' તરીકે ઊજવો તો એ મારું 'વિશેષ ગૌરવ' હશે.' ત્યારથી (૧૯૬૨થી) ભારતભરમાં એ દિવસ 'શિક્ષકદિન' તરીકે ઊજવાય છે.

કહેવાયું છે કે, 'Nothing is nobler in life than lighting a lamp in an ignorant soul.' (અજ્ઞાની આત્મામાં દીપ પ્રગટાવવા જેવું વધારે ઉમદા જીવનમાં બીજું કશું નથી.)

પણ ખબર નહીં કેમ આપણા સમાજમાં જેટલું ગૌરવ ડૉક્ટર, એન્જિનિયર, ઉદ્યોગપતિ, રાજકારણી કે સરકારી અમલદારોનું કરવામાં આવે છે એટલું ગૌરવ શિક્ષકનું કરવામાં આવતું નથી. સમાજના કહેવાતા બધા ધુરંધરોના ભાલે કુંકુંમતિલક કર્યા પછી 'વધેલા કંકુનાં છાંટણાં' શિક્ષક પર કરવામાં આવે છે. પરિણામે 'બધી જગ્યાએ નિષ્ફળ માણસ જ શિક્ષક થવું પસંદ કરે છે.'



ક્ષીણ આત્મતેજવાળો, નિઃસત્ત્વ માણસ નિરુપાયે શિક્ષકની ખુરશીમાં ગોઠવાય છે; અને 'માસ્તર,' 'પંતુજી' જેવાં નામોથી અવહેલના પામે છે. આવા શિક્ષકો વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં, કેળવણીનું માહાત્મ્ય સિદ્ધ કરવામાં નિષ્ફળ જાય એ સ્વાભાવિક છે.

શિક્ષણજગતનું આવું દયનીય વર્તમાન ચિત્ર કેટલાક ગંભીર પ્રશ્નો વિશે આપણને વિચારતા કરી મૂકે છે. કેવળ પગારવધારો નહીં, પણ આ દિશામાં કશુંક નક્કર કરવા માટે શિક્ષણસંકુલો, સંસ્થાઓ, સંચાલકો, શિક્ષકો, વિદ્યાર્થીઓ, માતાપિતા, સરકાર, સમાજે સજગ-સાવધાન થવું પડશે. શિક્ષણપદ્ધતિમાં 'ગુણાત્મક પરિવર્તન' લાવવું જ પડશે. 'શિક્ષક બૌદ્ધિક મજૂર નથી, સંસ્કૃતિનો સંક્રમક-સંવાહક છે.' એ સર્વેએ સમજી લેવું પડશે, અને સાચુકલા નિષ્ઠાવાન, સમર્પિત શિક્ષકોને એમનાં ખોવાયેલાં ગૌરવ-ગરિમા પાછા અર્પવા પડશે.

એ વાત પણ એટલી જ સાચી છે કે, 'સાચા શિક્ષકો ઢોલ-ત્રાંસા લઈ ઢંઢેરો પીટવા નીકળી પડતા નથી પણ પોતાના શાન્ત, એકાન્ત ખૂણેથી 'અંતરિક્ષમાંથી પ્રગટતા અદૃશ્ય તેજ' જેવી શક્તિ પેદા કરી શકે છે.' જે પોતાની અંદરની દિવ્યતાનું દર્શન કરી, માનવીમાત્રમાં રહેલી દિવ્યતાને પ્રગટાવવા મથી પોતાના અધિકાર-ધર્મ-આદર્શને ઝળહળ રાખે છે.

જે કૃષ્ણમૂર્તિ કહે છે તેમ; 'શિક્ષક પોતે આંતરિક રીતે સમૃદ્ધ હોવાથી, બહારના મોભા કે સત્તાને ખોળતો નથી પણ પોતાની અંદર જે 'અનંત' છે તેની તેણે પહેચાન કરી હોય છે અને તેથી

એનું જ્ઞાન અન્યને પોતાનો પ્રકાશ પામવામાં સહાયક થાય છે.'

શ્રી ઉમાશંકર કહે છે તેમ; 'સાચો શિક્ષક ચેતનની ખેતી કરશે.' બહારની માહિતીઓ થોપ્યા કરવાને બદલે વિદ્યાર્થીનું અંતસ્તત્ત્વ બહાર પ્રગટે એ માટે સદૈવ મથશે તો વિદ્યાર્થીની મહોરેલી ચેતના એ 'શિક્ષકના ચૈતન્ય'ને વંદના કરતાં દાદૂ દયાળની જેમ એને કહેશે : 'ફૂલ ઊગવાનો સંઘર્ષ ઓછો નથી. બીજ અંધારામાં રહે, પ્રકાશ શોધવા ભૂમિનું પડ ખસેડે, સૂરજને ઝીલે પવનને ઝીલે, પાણીને ઝીલે છેવટે અનેક પ્રક્રિયા પછી કોઈ પરિણામ આવે પણ એ પહેલાં એ બાંહેધરી માગે છે ભગવાન પાસે કે 'એની ઉપર ખૂબ મોટું આકાશ વિસ્તરેલું હોવું જોઈએ.' તો જ હું ખિલીશ, બીજું બધું મને નાનું-સાંકડું-સંકીર્ણ પડે.'

તો દરેક શિક્ષકે 'સૃષ્ટિબાગના અમૂલ ફૂલ' એવા વિદ્યાર્થીઓ માટે 'જ્ઞાનનું-સમજણનું-સંવેદનાનું-પ્રેમનું-શ્રદ્ધાનું એક આકાશ સર્જવાનું નથી, સ્વયં આકાશ બનવાનું છે.'

આપણા શિક્ષણજગતનું સદ્‌ભાગ્ય છે કે, વિશાળ આકાશી ચેતનાવાળા પ્રાધ્યાપકો આપણને પ્રાપ્ત થયા છે. એમની 'શાશ્વત પ્રતિભા'નાં અજવાળાં આ અંકમાં 'કેટલાક પ્રસંગોરૂપે' ઝીલવાનો પ્રયત્ન કર્યો છે. સાથે જ બાળકરૂપી કળીને ફૂંકો મારી જલદી જલદી ફૂલરૂપે વિકસાવવા ઝંખતાં માતાપિતા સામે પણ સમર્થ ચિંતકના કેટલાક લેખો દ્વારા લાલબત્તી ધરી છે.

'અધ્યાત્મ'નો 'નવો દિશાઉઘાડ' કરતો આ અંક સદાજાગૃત મહાત્મા શ્રીયોગેશ્વરજી તેમજ શિક્ષણપ્રેમથી છલોછલ 'મા' સર્વેશ્વરીની અંતઃપ્રેરણાનો જ આવિર્ભાવ છે એ લખી દર્શાવવાની જરૂર ખરી ?



# ॥ શ્રી યોગેશ્વરકથામૃત ॥

## દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ—દિન ૫૬
## તા. ૧૧-૧-૮૩, મંગળવાર, માગશર વદ તેરસ ૨૦૩૯
## પ્રિટોરીઆ શહેર

ગઈ કાલે જેવો જ આજે પણ ક્રમ રહ્યો. આ ઉતારો જે પરિવારમાં છે તે સંસ્કારી પરિવાર છે. એમના પરિવારમાં સાધ્વી જીવન જીવનાર દયાબહેન નામે એક બહેન થઈ ગયાં. તેઓ સ્વામીનારાયણ સંપ્રદાયને માનનારાં હતાં. તેથી અહીં પણ એક અલગ ઓરડો દેવસ્થાનનો છે, જેમાં શ્રીકૃષ્ણની મૂર્તિ અને સ્વામીનારાયણ પંથના સંતોની તસવીરો છે. આ ઘરમાં નિયમિત દેવપૂજા થાય છે. ભગવાનને ભોજનનો થાળ પણ દરરોજ અર્પણ થાય છે. પવિત્ર આચારવિચારવાળા ઘરમાં અમારો ઉતારો છે.

આજે ખીચડીનું ભોજન લીધું. ભોજન બાદ મુલાકાતનો સમય થયો. મુલાકાત માટે મસૂરીમાં પૂ.શ્રીને અગાઉ મળેલાં તેવાં એક બહેન આવ્યાં છે, જેથી શરૂમાં મસૂરીની થોડી વાતો થાય છે. પછી પ્રશ્નો શરૂ થાય છે.

પ્રશ્ન : મારું બાળક મંદબુદ્ધિનું છે. તો આપશ્રી આશીર્વાદ આપો.

પૂ.શ્રી : સરસ્વતીદેવીની પ્રાર્થના કરો. તે વાંચે તે પછી વારંવાર લખે તો તેથી યાદ રહેશે.

પ્રશ્ન : હું રાતે ગમે ત્યારે જાગું ત્યારે ધ્યાનમાં બેસું છું

એટલે વિઘ્નો આવે છે, પણ 'મા'ના જપ કરવા બેસું છું ત્યારે વિઘ્નો નથી આવતાં!

પૂ.શ્રી : રાતે બેસવા કરતાં તમે સવારે બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનમાં બેસો ને ધ્યાનમાં 'મા'ના જપ કરો, તો વિઘ્નો નહીં આવે. તમને 'મા'ના જ જપ વધુ અનુકૂળ પડશે.

પ્રશ્ન : હું ધ્યાનમાં ગુરુમંત્ર જપું છું, ને પછી મારાં કુળદેવીનું સ્મરણ કરું છું.

પૂ.શ્રી : કુળદેવીને ના ભૂલવાં. તેમનું જ સ્મરણ વધારે કરો. ધ્યાનમાં બેસો ત્યારે પગે ખાલી ચઢે ત્યારે એમ માનો કે, મા પોતાના બાળકને મીઠી ટપલી મારીને સૂચવે છે કે, મને ભૂલીને ધ્યાન કરવા બેઠો છે. તેથી ધ્યાનમાં પણ માના જ જપ કરો.

પ્રશ્ન : મરણ પાછળ શાંતિ માટે ભાગવત બેસાડે છે એનું રહસ્ય શું?

પૂ.શ્રી : એ તો રિવાજ છે. બાકી, ભાગવત સપ્તાહ જીવતાં જ સાંભળો, તો શાંતિ મરણ પછી મેળવવાની ન રહે, જીવતાં જ મળી રહે.

પ્રશ્ન : ભાગવત સપ્તાહમાં વાંસ કેમ રાખે છે?

પૂ.શ્રી : વાંસની ગાંઠ એ અવિદ્યાની ગાંઠ છે. આપણા જીવનમાં રાગની ગાંઠ, દ્વેષની ગાંઠ, મમતાની ગાંઠ, કામ-ક્રોધ-ભયની ગાંઠો છે તેમને આપણે તોડવાની છે.

પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ ગયો. આજે તો પૂ.શ્રી દોઢ વાગ્યે ઊભા થઈ જાય છે.



બહાર ફરવા લઈ જવા શ્રી ઝીણાભાઈ તૈયાર જ હતા.

શહેરમાં પ્રાણીઓનું સંગ્રહસ્થાન જોવા મળ્યું. પર્વતો ઉપર જે કુદરતી જંગલ છે તેમાં જુદાં જુદાં પ્રાણીઓને રાખ્યાં છે. આખાયે પ્રાણી-સંગ્રહસ્થાનનો વિસ્તાર એક ગામ જેવડો છે. તેને ઉપરથી આકાશમાર્ગે જોવા માટે રોપ-વે છે. તેમાં ચાર વ્યક્તિ બેસીને સામેના પર્વત ઉપર જઈ શકે છે. નીચે બધાં પક્ષી-પ્રાણીઓ, ઉપર બેઠાં બેઠાં દેખાય છે. સામે પર્વત ઉપર ગુફા જેવું પણ બનાવ્યું છે. જેમાં ગોળાકારે સળિયાની બારીઓ છે. એ બારીઓમાંથી જંગલમાં પર્વતની ખીણમાં રહેતાં પ્રાણીઓ વાઘ, સિંહ વગેરે જોઈ શકાય છે.

પૂ.શ્રીને આ બધું જોવામાં જરા પણ રસ નથી, છતાં ફરવા આવે છે. કોઈકવાર ઉપરામતા પણ વ્યક્ત કરે છે.

સંગ્રહસ્થાનની બહાર ફૂટપાથ ઉપર દુકાનો છે, જેમાં આફ્રિકન મોતીકામની વસ્તુઓ વેચાય છે. કાચનાં વાસણ ઉપર, રૂમાલ ઉપર, સૂકાયેલી દૂધી ઉપર, પ્રાણીનાં છૂટાં શીંગડા ઉપર સુંદર મોતીકામ કરે છે. બંગડી, માળા, વગેરે પણ મોતીઓથી ભરે છે. આ ગૃહઉદ્યોગ એમનો જીવન-આધાર છે.

અહીંની આફ્રિકન પ્રજા ભંયકર ગરમીના દિવસોમાં પણ શરીર ઉપર ગરમ ધાબળો ઓઢે છે. નાનો ધાબળો શાલની જેમ જુદી જુદી રીતે પીન મારીને ઓઢે છે. પૈસાપાત્ર આફ્રિકનો પગમાં મોતીના, પથ્થરનાં ઘરેણાં જેવું પહેરે છે. વળી, ગળામાં પણ કપડાના જાડા મોટા પટ્ટા જેવું પહેરે છે.

ફરીને ઉતારા ઉપર આવી ગયાં. થોડો આરામ કર્યો. ત્યાં તો ધ્યાનની બેઠકનો સમય થઈ ગયો. તેથી ધ્યાનની પદ્ધતિ બતાવવામાં આવી.

નિશ્ચિત સમયે પ્રવચન થયું. પ્રવચનનો આજે છેલ્લો દિવસ હતો. અહીં ત્રણે ત્રણ દિવસની વિડીયો ફિલ્મ ઉતારાઈ હતી.

પ્રવચન બાદ થોડી વાતો થઈ. અહીંના યજમાનના આગ્રહથી આવતીકાલે સાંજે બીનોની નામના શહેરમાં પ્રવચન માટે જવાની વાત નક્કી થઈ. અહીંનાં સૌને સત્સંગની બેઠકનો વધુ લાભ મળે તે હેતુ હતો.

પ્રિટોરીઆના આ લોઢિયમ નામના વિસ્તારમાં પાંચસો ગુજરાતી પરિવાર વસે છે. કુલ વીસ હજાર ભારતીય પ્રજા વસે છે. પર્વતોથી વીંટળાયેલું આ શહેર ઘણું મોટું છે.

હરિઃ ૐ

**–મા સર્વેશ્વરી**

---

જર્મન કવિ યેટ્સે કહ્યું; ‘I love and I live ’.
સાચો શિક્ષક કહેશેઃ ‘I teach and I live’.
સાચો વિદ્યાર્થી કહેશેઃ ‘I learn and I live’.



## ॥ શિક્ષક કેવો હોવો જોઈએ ? ॥

હવે એ તો જાહેર જ છે કે શિક્ષકનું કામ ધંધો બની ગયું છે. આપણી વ્યક્તિગત, પારિવારિક, આર્થિક આવશ્યકતાઓ અનિવાર્યતાઓ છે. એમાં આપણે બેઠા છીએ. આ સંદર્ભમાં આપણે શું કરી શકીએ ?

પહેલાં તો શિક્ષક હોવાનું ગૌરવ અને ગરિમા પોતાના ચિત્તમાં પેદા કરવાં. જેને ક્યાંય નોકરી નથી મળતી એટલે એ સ્કૂલમાં જાય છે અને જેની ક્યાંય કોઈ યોગ્યતા નથી એ શિક્ષક બને છે એવી શિક્ષકના માટે આજની મનોદશા છે. પહેલાં તો શિક્ષક પંડિત કહેવાતા હતા. ત્યારે શિક્ષકના કામ માટે ગૌરવ અને ગરિમા એમના પોતાના ચિત્તમાં અને જનતાના ચિત્તમાં હતા. એ ગૌરવ-ગરિમા જનતાના ચિત્તમાં અને સમાજમાં પેદા કરવાની વાત તો પછી કરીશું. પહેલાં હું અને તમે પોતાનામાં હીનભાવ કે લઘુતાગ્રંથિ ન રાખીએ. આ લઘુતાગ્રંથિ તમારી સૃજનશક્તિને ખાઈ જશે. અમે તો કાંઈ નહીં, શિક્ષક છીએ ! અમે તો ભણાવીએ છીએ ! આ સંદર્ભમાં આપણે પ્રારબ્ધ પ્રાપ્ત પરિસ્થિતિને કારણે શિક્ષક બન્યા છીએ. જેવી રીતે હીરાને તમે પહેલ પાડો છો એવી રીતે ! શિક્ષકના કામમાં ગૌરવ-ગરિમાને આજના સંદર્ભમાં ક્યાં સુધી લાવી શકાય. આ એક વ્યવહારુ અભિગમ છે. આદર્શવાદી અભિગમ એ પછી આવશે.

પરંતુ પહેલાં તો શિક્ષકના વ્યક્તિત્વમાં કોઈપણ પ્રકારની લઘુતાગ્રંથિ ના હોય. વિદ્યાર્થીની સામે વર્ગમાં જઈને ઊભા રહો

તો પોતે સરકારી વેતન ખાનારો કોઈ વેતનભોગી વ્યક્તિ છે એવું એમના ચિત્તમાં ના આવવું જોઈએ. તો હીનદશા નહીં રહે. 'જે કામ હું કરી રહ્યો છું કે કરી રહી છું એ એક 'સાંસ્કૃતિક કામ' છે. ભૂગોળ, ગણિત, ઈતિહાસ પદાર્થવિજ્ઞાન ભણાવતાં હું મારી સંસ્કૃતિના મૂલ્યોનું તેજ મારા કામોમાં પ્રગટ કરીશ.' અંદર પ્રાણોમાં આ પ્યાસ જાગે તો હીનતાનો ભાવ ચાલ્યો જશે. તમે અને હું વેતન લઈએ છીએ એમાં આપણો અપરાધ નથી. વ્યાવહારિક સંસ્કૃતિ Commercialise Civilization આ દેશમાં થોપવામાં આવી છે. એના આપણે શિકાર છીએ. પરંતુ શિકાર બનીને પડ્યા રહીશું, રોતા રહીશું, દીનહીન બનીશું તો જે બાળકો સામે ઊભા રહીશું એ બાળકોનો શો અપરાધ? એમનાં સામે આત્મસન્માનશૂન્ય, આત્મવિશ્વાસશૂન્ય વ્યક્તિ ઊભી થાય અને એક કોમ્પ્યુટરની માફક એ ભાષા, ભૂગોળ અને ગણિત શીખવાડે તો એ શિક્ષણ નહીં હોય. Education is transmission of Creativity સૃજનશીલતાનું સંક્રમણ શિક્ષણમાં થાય છે. શિક્ષણમાં ઘણું બધું સંક્રાન્ત થાય છે. એમાં તો જાણકારી-સૂચનાઓનું પ્રદાન થાય છે. આજના યુગમાં વધારેમાં વધારે જાણકારીની આવશ્યકતા છે. એ હું જાણું છું પરંતુ વર્ગમાં કોમ્પ્યુટર કે રોબોટને ઊભો કરવો અને એક મનુષ્યનું ત્યાં હોવું એમાં જમીન આસમાનનું અંતર છે. પહેલાં તો એક માનવ હોવાનું ગૌરવ હોય. માનવ કે જેની અંદર કેવળ મનન, ચિંતનની કે સાચા-જૂઠાને પરખવાની બુદ્ધિ જ નહીં, પરંતુ આત્મા નામનું એક તત્ત્વ છે, એક શક્તિ છે. એક



ઊર્જા છે. મનુષ્ય કેવળ બૌદ્ધિક કે સામાજિક પ્રાણી જ નથી. એની પાસે શરીર-મનથી પણ વધારે ઘણું બધું છે. 'અમૃતસ્ય પુત્રા :' અથવા તો 'Children of immortality' આ મારા શબ્દો નથી, આ વિવેકાનંદના શબ્દો છે.

પહેલાં તમારી અંદર અભારતીય સંસ્કૃતિનું જે બીજ પડ્યું છે તેની તમારામાં જ શોધ કરીને એને બહાર લાવવાનો પ્રયત્ન કરનારા મહાવીર બની જાવ. તમારી નસનસમાં, રગરગમાં આત્મવિશ્વાસ ભરી દો. તમારું વ્યક્તિત્વ હૃષ્ટપુષ્ટ નહીં બને તમારા જીવનમાં કોઈ મૂલ્યનિર્ધારિત કરીને તમે એને જીવશો નહીં તો પછી કાંઈ કરી શકશો નહીં. પહેલાં મેં તમને આત્મવિશ્વાસની વાત કરી, લઘુતાગ્રંથિને ફેંકી દેવાની વાત કરી. હવે આગળ ચાલીએ.

વિદ્યાલય કે મહાવિદ્યાલયમાં મારે નિશ્ચિત સમય પર જવાનું હોય તો ત્યાં એક મિનિટ પણ મોડો નહીં પડું. ઘરમાં અણબનાવ થયો હોય, ક્લેશ થયો હોય તો એ ક્લેશપીડિત ચિત્તને લઈને વર્ગમાં નહીં જઉં. તનાવ, ખેંચ, સંઘર્ષ પરિવારમાં થાય છે એ પીડા એ વેદના એ હતાશા એ નિરાશા અને એ કટુતાને હું ઘરમાં જ રાખીને જઈશ. વિદ્યાલયના વર્ગમાં હું કામ કરું છું એ તો મારી યજ્ઞભૂમિ છે. મારું મંદિર છે એની પવિત્રતા હું પ્રાણપણે સાચવીશ.

જેટલી પવિત્રતા આપણા ચિત્તમાં હશે એટલી કર્મમાં ઉતરશે. પવિત્રતાની ભાવનાથી કરેલાં કર્મ જ યજ્ઞ બની જાય છે. વિદ્યાલયને પવિત્રતા તમે અને હું જ પ્રદાન કરીશું. ઉદ્દંડ

બાળકો વિકૃત મનોવૃત્તિવાળા માતાપિતાના સંતાન છે એ બધાં આપણી સામે આવશે એની વાત તો કાલે કરીશું. શિક્ષક કેવો હોવો જોઈએ એ સવાલ છે. આપણે શું કરવું છે ?

બધાં લોકો ક્યાં આવી ફિકર કરે છે ? બધાં તો ઓછામાં ઓછો પરિશ્રમ કરીને વધારેમાં વધારે કમાય છે. અમે શા માટે મહેનત કરીએ ? વર્ગમાં અમે શું કરવા ભણાવીએ ? ઘેર Coching કરીશું અને પૈસા લઈશું. આવું માનસ થઈ ગયું છે. એમાંથી તો આપણે બચી શકીએ. નફો કરનારું ધંધાકીય માનસ ન રહે એવું શિક્ષક નામનું એક પ્રાણી ભારતમાં ઊભું થાય. વર્તમાન પરિસ્થિતિ પ્રત્યે ક્રાન્તિની જીવંત ચિનગારી બની જાય. ક્રાન્તિના બીજ પહેલાં દિમાગમાં રોપવા પડે છે પછી એ દિલમાં ઉતરે છે અને પછી એ વ્યવહારમાં ઉતરે છે. મારું જે કામ છે. મારે જે કોઈ વિષય ભણાવવાનો છે એમાં એવું ના થાય કે એ હું વાંચીને ન જઉં. ઘરમાં બે ત્રણ કલાક T.V. જોતો બેસું અને જેવી તેવી રીતે કેટલીક નોટ્સ લઈને નીકળી પડું એવું ન બને. આજની વ્યવસ્થામાં મને જે વેતન મળે છે એને હું ન્યાય આપીશ. એક રૂપિયાનું અન્ન મફતનું નથી લેવું. એકવાર પરિશ્રમ વિના લેવાની આદત પડી જાય પછી એ ભિખારીનું મન-મફત લેનારું મન બની જાય છે. એવા મનુષ્યના વ્યક્તિત્વમાં આત્મસન્માનના તેજ-ઓજ-વીર્ય રહેતાં નથી. જે વિષય ભણાવવાનો છે તે ઘેર બરાબર સમય કાઢીને વાંચીશ. એના સંદર્ભનાં પુસ્તકો વાંચીશ. આવું આપણા મનમાં આવવું જોઈએ. આને એક સમૃદ્ધ કર્મ બનાવો. ખંડિત કર્મ નહીં. જેવી



તેવી રીતે કર્યું. અન્યમનસ્કતાથી કર્યું એવું નહીં. ચાર છ કલાક તમે વિદ્યાલયમાં રહો છો એ સમયમાં તમારા વ્યક્તિત્વનું પરિણામ વાતાવરણ પર થશે. ત્યાંના પુદ્ગલો પર થશે. તમારી ચિત્તવૃત્તિથી સાત્વિકતાથી કે કુટિલતાથી વાતાવરણ બને છે.

નદી પાસે બેસો છો તો જળની શીતળતા સ્પર્શ કરે છે. બગીચામાં બેસો છો તો ફૂલની સુગંધ સ્પર્શ કરે છે. તમે અને હું તો જીવતા જાગતા માણસો છીએ. આપણી અંદર માનવતાની અગ્નિજ્યોત હોય, આત્મબળનું ભાન હોય, આત્મવિશ્વાસ હોય તો તમારી અને મારી સાથે બેસનારાઓમાં એ ઊર્જા સંક્રાન્ત થયા વગર કેવી રીતે રહે ? પછી શું મજાલ છે બાળકોની કે એ તમારી મજાક કરે ? પરંતુ શિક્ષકો જ વિદ્યાર્થીઓને લઈને હોટેલમાં ખાવા જાય અને એમની સાથે આપણે જેને સસ્તી-બજારુ વાતો કહીએ છીએ તે કરે Vulgar Chattering with the Students અશોભનીય વ્યવહાર હોય તો પછી આપણે શિક્ષક કહેવડાવવા માટે લાયક નથી રહેતા. 'સા વિદ્યા યા વિમુક્તયે' આ એક વ્યાખ્યા છે. જે વિદ્યાનું દાન કરે છે જે વિદ્યા સંક્રાન્ત કરે છે તે આચાર્ય છે. 'આચરણાત્ આચાર્ય :'

મારી બીજી દરખાસ્ત એ છે કે જે પ્રારબ્ધપ્રાપ્ત છે કે પ્રારબ્ધ પ્રાપ્ત પરિસ્થિતિમાં જે કામ આપણા ભાગે આવ્યું હોય પછી તે નોકરી હોય કે બીજું હોય એ કામ ન્યાયપૂર્વક પ્રેમથી કરીએ. બેમનથી, બેહોશીમાં કે મૂર્છામાં નહીં, સાવધાન બનીને કરીએ. આ બીજી વાત થઈ. હવે ત્રીજો મુદ્દો તમારી સમક્ષ રાખું. પહેલાં તો 'માતૃદેવો ભવ પિતૃદેવો ભવ આચાર્ય દેવો ભવ'

શિખવાડતા હતા. પરંતુ આજે તમે અને હું શિક્ષક બનવા માગીએ છીએ તો આપણા માટે આપણી સામે જે વિદ્યાર્થી છે એ ‘વિદ્યાર્થીદિવો ભવ.’ સામાજિક પરિસ્થિતિ અથવા આ બાળકોના માતાપિતાની કમજોરીઓ કે વિકૃતિઓની સજા બાળકોને કરવાની નથી. જે વર્ગમાં તમે પગ મૂકો, ત્યાં જે વિદ્યાર્થી હોય તેના માટે તમારા ચિત્તમાં પ્યાર તો હોય જ પણ સાથે સાથે આદર પણ હોય. પછી એ પંદર વીસ કે ચાલીસ હોય. ‘બાલદેવો ભવ’, ‘વિદ્યાર્થીદિવો ભવ’. મારી તો ઉલટી ગંગા વહે છે. હું આ એટલા માટે કહી રહી છું કે આજના સમાજમાં જે નાનાં નાનાં બાળકો છે એમને આપણા જમાનામાં મળતું હતું તેવું શ્રદ્ધામય ચિત્તનું આનુવંશિક વરદાન મળતું નથી. એમના માતાપિતા તથા દાદાદાદીના જીવનમાંથી શ્રદ્ધા નામનું જે તત્ત્વ હતું તે છેલ્લાં સો વર્ષોમાં ચાલ્યું ગયું છે, ક્ષીણ થયું છે, નામશેષ રહ્યું છે. એમની પાસે તર્ક છે. એમની પાસે Smartness છે. હોંશિયારી છે પણ શ્રદ્ધા નથી. એ તમારા કહેવાથી જ એ માની લેશે એવું નથી. ઘરમાં માતાપિતાનું સન્માન રાખવાથી એમને ખબર નથી. મોટાઓ સાથે કેવો વ્યવહાર કરવો એના સંસ્કાર કોઈએ આપ્યા નથી. ખોટા ઢંગથી એમને લાડ લડાવાય છે, એમની આળપંપાળ થાય છે. આઝાદીના નામે એમને સંસ્કારહીન રાખવામાં આવ્યા છે. તમારી પાસે આ જે બાળકો પચાસ મિનિટ માટે આવ્યા છે એમના બધાનાં જીવનના સંદર્ભને ધ્યાનમાં રાખીને તમારે આદર-પ્યાર અને સહનશીલતાથી એમની સામે આવવું પડશે. નહીં તો આ બાળકો એટલા ચપળ-ચંચળ છે કે સંસ્કાર ન



હોવાને કારણે પણ બોલી નાંખશે, અપમાન પણ કરશે, ખબર નથી કે ક્યારે કેવો વ્યવહાર કરશે ? દસ અગિયાર વર્ષની ઉંમરે એમનામાં ઉપદ્રવ કરવાની સૂઝ પણ આવી જાય છે. છ સાત વર્ષ સુધીના બાળકોનું મન અલગ પ્રકારનું અને નવ વર્ષ પછીના બાળકોનું મન અલગ પ્રકારનું હોય છે. ઉપદ્રવ કરવાની શક્તિ, એમની સૂઝ એક બીજાને મળવું, તોફાનમસ્તી કરવા જીવનનું ઘણું રોચક પર્વ છે. એટલે જ્યારે તમે વર્ગમાં બેસશો અને તમારા ચિત્તમાં એમના પ્રત્યે પ્યાર આદર અને સહનશીલતા હશે તો ચાર દિવસમાં નહીં પણ એક મહિનામાં બાળકો પર એનું પરિણામ થયા વગર નહીં રહે. જે મજાક કરવા, સતાવવા, તકલીફ આપવા આવ્યા હતા એ જ વિદ્યાર્થી તમારી તરફ સ્નેહ અને આદરથી જોવા લાગશે.

જેમ પૂજા કરવા માટે તમે સ્નાન કરો છો. શુચિર્ભૂત રહો છો. પૂજાઘરમાં બેસો છો. તેમ જ શિક્ષકનું કામ છે. જો સાચું કહું તો જે માતાપિતા બને છે એ પણ શિક્ષક જ છે. એમણે વાણીવ્યવહારમાં સત્યને ધારણ કરવું જોઈએ. કલિયુગમાં આ એક જ તપ કરવાનું છે. દિવસના બાર કલાક તો બાળકો ઘરમાં જ રહે છે. એમનો મિથ્યાચાર-અનાચાર કે વાણીનો દુરાચાર પરિવારમાં બાળકો જોશે અથવા બહાર વિદ્યાલયમાં શિક્ષકનો વ્યવહાર મિથ્યાચાર અનાચાર દુરાચારવાળો હશે તો માતાપિતાના જીવનમાંથી અને શિક્ષક જે કાંઈ શિખવાડે છે એમાંથી કોઈપણ મૂલ્ય સંક્રાન્ત નહીં થાય.

–વિમલા ઠકાર

## ॥ સાચી કેળવણી : તમારી માંહ્યલી સંપત્તિ ॥

માણસ એક બીજની જેમ પેદા થાય છે. એ એક સંભાવનાની પેઠે જન્મે છે નહીં કે એક વાસ્તવિકતાની જેમ. અને એ જ વિશેષ વાત છે, બધાથીય વિશેષ કારણ કે આખા બ્રહ્માંડમાં માત્ર માનવ જ સંભાવનાની રીતે પેદા થાય છે જ્યારે બીજાં પ્રાણીઓ વાસ્તવિકતા સાથે જન્મે છે. એક કૂતરો કૂતરાની જેમ જન્મે છે, એને આખી જિંદગી કૂતરા તરીકે જ રહેવું પડે છે. સિંહ એક સિંહની જેમ પેદા થાય છે. પણ મનુષ્ય, મનુષ્યની જેમ પેદા નથી થતો, એ એક બીજની જેમ જન્મે છે. એ પોતાની સંભાવનાઓને ઉપલબ્ધ થાય કે ન પણ થાય. મનુષ્યનું ભવિષ્ય હોય છે.

કેળવણી એ વાસ્તવિકતા અને સંભાવના વચ્ચેનો એક સેતુ છે. કેળવણી તમને, જે બીજરૂપમાં, છો, તે બનવા માટે સહયોગ કરે છે. સામાન્ય રીતે શાળા, કૉલેજ કે વિશ્વવિદ્યાલયોમાં જે થઈ રહ્યું છે તે કેળવણી નથી. એ તમને માત્ર એક સારી નોકરી માટેનું શિક્ષણ આપે છે સારી કમાણી કરવા માટે. એ સાચી કેળવણી નથી. એ તમને જીવન નથી આપી શકતી. કદાચ એ તમને એક સારું અને સુવિધાયુક્ત જીવનસ્તર આપતી હશે પણ આ બન્ને બાબતો સરખી નથી. શિક્ષણ તમને આંતરિક સંપદા પ્રદાન કરવા માટે છે. તમને માત્ર વધુ પડતી સૂચનાઓ આપવી એ તેનો ઉદ્દેશ નથી. એ તો શિક્ષણનું આદિમ સ્વરૂપ છે. એ મૂળિયાં એવા વિચારમાં ખૂંપેલાં છે કે, 'જો હું બરાબર શિક્ષિત નથી તો હું જીવી નહીં શકું.' એ તમને હરિફાઈ શિખવે છે, મહત્ત્વાકાંક્ષા માટેનું શિક્ષણ આપે છે. આ બીજું કંઈ જ નથી પણ એક ગળાકાપ હરિફાઈ માટેની તૈયારી જ છે, જ્યાં પ્રત્યેક જણ એકબીજાના શત્રુ છે. આ પ્રકારના હિંસક, મહત્ત્વાકાંક્ષી અને હરિફાઈપૂર્ણ સમાજમાં પ્રેમ કેવી રીતે સંભવે ?



કેળવણી બાબતે મારો દૃષ્ટિકોણ એ છે કે જીવનને સંઘર્ષની રીતે નહીં પણ એક ઉત્સવ તરીકે જીવતાં શીખવે. જીવન માત્ર હરિફાઈ ન બને, આનંદ પણ હોય. ગાયન, નૃત્ય, કાવ્ય, સંગીત અને ચિત્રકળા આ બધું જ દુનિયામાં ઉપલબ્ધ છે. શિક્ષણ તમને આ બધાં સાથે તાલબદ્ધ થવા તૈયાર કરે, વૃક્ષો સાથે, પંખીઓ સાથે, આકાશ, ચંદ્ર અને સૂરજ સાથે તાલ મેળવી આપે અને વળી તમને 'સ્વયં' થવાની તૈયારી કરાવે. હાલ તો એ તમને એક નકલખોર બનવાની જ તૈયારી કરાવે છે. એ તમને શીખવે છે કે-કેવી રીતે બીજાઓના જેવા થવું. આ ખરેખર તો શિક્ષણ નથી. સાચું શિક્ષણ તો તમને શીખવશે કે કેવી રીતે તમે સ્વયં માટે ઉપલબ્ધ બનો, પ્રામાણિકપણે. તમે અદ્વિતીય છો, તમારા જેવું અન્ય કોઈ નથી, હતું પણ નહીં અને થશે પણ નહીં. આ પરમાત્માનો તમારે માટે સૌથી મોટો પ્રસાદ છે.

તમે અદ્વિતીય છો એ જ તમારી ગરિમા છે. નકલખોર ન બનો, પણ હાલની તથાકથિત કેળવણી આ બાબત જ કરતી રહી છે. એ માત્ર કાર્બનકૉપીનું જ નિર્માણ કરીને તમારા મૂળ સ્વરૂપને નષ્ટ કરી રહી છે. 'શિક્ષણ' શબ્દના બે અર્થ છે અને બન્ને સુંદર છે. એક અર્થ જેની સૌ કોઈને જાણ છે છતાં એનો વ્યવહાર નથી થતો, -તમારી ભીતર જે છુપાયેલું છે તેને પ્રગટ કરવું જે પરમાત્માએ તમારી ભીતર એક ખજાનાની જેમ રાખ્યું છે-એની શોધ કરવી.

અને શિક્ષણનો બીજો અર્થ તો એથી પણ ગહન છે - 'એજ્યુકેશન' શબ્દ 'એજ્યુકેઅર' પરથી આવ્યો છે, જેનો અર્થ છે 'અંધકારમાંથી પ્રકાશ તરફનું પ્રયાણ.'

—રજનીશજી

'સા વિદ્યા યા વિમુક્તયે'

## ॥ બાળક : પ્રભુનું સ્વરૂપ ॥

દરેક બાળકનું વાસ્તવિક સ્વરૂપ પ્રભુના સ્વરૂપ જેવું જ હોય છે. મારી દૃષ્ટિએ પરમાત્મા, કોઈ ખ્રિસ્તી, હિંદુ કે યહૂદી નથી. મારી દૃષ્ટિએ પરમાત્મા કોઈ વ્યક્તિ નથી પણ સમગ્ર અસ્તિત્વ છે. ફૂલોની જેમ નહીં પણ સુગંધની જેમ તમે એનો અનુભવ કરી શકો પણ એને પકડી ના શકો. એનામય તમે બની શકો પણ એની પર અધિકાર ન કરી શકો.

જ્યારે હું કહું છું કે દરેક બાળક પરમાત્માનો મૂળ ચહેરો જ છે ત્યારે એનો અર્થ એમ થાય છે કે જીવનમાં, અસ્તિત્વમાં જે પણ પવિત્ર છે તેનો પર્યાય માત્ર પરમાત્મા જ છે અને પરમાત્માથી અધિક અહીં કંઈ પણ નથી. બાળક હમણાં જીવંત છે. તમે એની જીવંતતાની વ્યાખ્યા કરી નહીં શકો. પણ એ એક સત્ય છે. જેને તમે અનુભવી શકો છો. જીવંતતા એટલી ગહેરી છે કે તમે એને અવગણી ન શકો.

અત્યારે એ એકદમ નવું-તાજું છે, તમે એક બાળકનું તાજાપણું, આસાનીથી અનુભવ કરી શકો છો. ધીરેધીરે આ સુગંધ ખોવાતી જાય છે. અને દુર્ભાગ્યે બાળક સફળ બની જાય તો એ મશહૂર માનવ, એક રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી કે પોપ બનીને દુર્ગંધ છોડવા લાગે છે.

પ્રારંભમાં બાળક એક અદ્‌ભુત સુવાસયુક્ત હોય છે, અવ્યક્ત, અમર્યાદ અને શબ્દથી પર, તમે એની આંખોમાં આંખ મેળવીને જુઓ, એની આંખોનાં ઊંડાણ જેવું ઊંડાણ ક્યાંય જોવા



નહીં મળે. સમુદ્ર જેટલી ગહનતા, અમાપ ઊંડાણ ! કમનસીબે આ સમાજ એને જલદીથી ભ્રષ્ટ કરી નાંખશે. એની આંખો જલદીથી છીછરી દેખાવા માંડશે, કારણ કે તમે સતતપણે એનું કન્ડીશનીંગ કરતા રહેશો. એની આંખોનું ઊંડાણ, અતલ ગહેરાઈ, ખૂબ જ જલદી ખોવાઈ જશે, જે એના અસલી સ્વરૂપમાં હતું.

બાળકને કોઈ વિચારો નથી હોતા. એ શું વિચારી શકે છે ? વિચારવા માટે ભૂતકાળ હોવો જરૂરી છે, વિટંબણાઓ હોવી જરૂરી છે. જેને કોઈ ભૂતકાળ કે અતીત નથી, માત્ર ભવિષ્ય જ છે, હાલ એની કોઈ સમસ્યા પણ નથી, જેના માટે એને વિચાર કરવો પડે. 'બાળકમાં ચેતના છે, પણ વિચાર નથી.'

આ જ 'બાળકનો સાચો ચહેરો' છે.

બાળક દરેક પ્રકારના સન્માનનું અધિકારી છે. કારણ કે એ પવિત્ર છે, માસૂમ છે અને પ્રભુની નજીક છે. એનો આદર કરો. અને દરેક પ્રકારના ભ્રષ્ટ લોકોનો આદર કરવા માટે એના પર દબાણ ના કરો.

તમારે એની ઉપર કોઈ રીતે કંઈ જ થોપતા રહેવાનું નથી. એમનામાં રહેલ વિવેક દ્વારા બાળકો સમજે છે કે તમે જે કહો છો તે યોગ્ય છે અને વિવેકપૂર્ણ રીતે લીધેલા માર્ગ પર એ લોકો ચાલતા રહેશે તો એમનો વાસ્તવિક ચહેરો બદલાતો નથી. પ્રેમ અને સન્માન એમને સભાન, જાગૃત બનાવવામાં મદદરૂપ બને છે. બાળકનું જીવન એક ઉપહાર છે, એને વેડફી ન નાંખો.

—'ફ્રોમ ડાર્કનેસ ટુ લાઈટ'

## ॥ બાળકને ગંભીરતા ન શીખવો ॥

હાસ્ય એ આપણા સ્વભાવનો સહજ ગુણ છે પણ સમાજ એને સહન નથી કરતો. એ તો હાસ્યવૃત્તિથી પણ ડરે છે. આપણે બાળકોને ગંભીરતા શીખવીએ છીએ. ગંભીરતાની પ્રશંસા નહીં પણ નિંદા કરાવવી જોઈએ. કારણ કે ગંભીરતા એક બીમારી છે.

પ્રત્યેક શિશુ હાસ્યવૃત્તિના ગુણ સાથે જ જન્મે છે. પરંતુ આપણે એને પ્રોત્સાહન નથી આપતા કારણ કે આપણને ડર છે કે કદાચ એનામાં વધી જશે તો ગંભીર સમાજ માટે એ બાબત ખતરારૂપ બની જશે, હાસ્યવૃત્તિ બુદ્ધિમત્તાનું લક્ષણ હોવાથી એ અનેક બાબતોનો વિદ્રોહ કરશે.

શું તમે કોઈ ગધેડાઓને હસતા જોયા છે ? કોઈ ભેંસ ટુચકા સાંભળીને ખડખડાટ હસતી હોય એમ જાણ્યું છે ? માત્ર માનવ જ આવું કરી શકે છે. તમારા કહેવાતા સાધુઓ આવા ગર્દભો અને ભેંસો સમાન છે. હજુ તેઓ માણસ બન્યા નથી. તેમણે આ અમૂલ્ય વાતને ખોઈ નાંખી છે. હાસ્ય વિનાનો માણસ ફૂલ વગરના વૃક્ષ જેવો છે. પણ શું કરીએ ! સમાજને તો ગંભીર લોકોની જરૂર છે.

રાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી, કુલપતિ, પ્રૉફેસરો, પોપ, પાદરી, કમિશનર, કલેકટર અને રાજ્યપાલ...બધા જ અહીં ગંભીર છે. જો હાસ્યવૃત્તિનો વિકાસ થઈ જશે તો સમાજ ભયભીત છે કે



એમની કુશળતા ખોવાઈ જશે.

જો હાસ્યવૃત્તિ વિકસિત થાય તો તે બધા જ મનુષ્ય બની જશે, જ્યારે એમની પાસે તો મશીન બની રહેવાની અપેક્ષા રાખવામાં આવે છે.

—'ધ ગ્રેટ પિલગ્રિમેજ'

## ॥ બાળક પ્રામાણિક હોય છે ॥

બાળક પ્રામાણિક હોય છે. એ જ્યારે ગુસ્સે થાય છે ત્યારે સાચેસાચ જ ગુસ્સે થાય છે. એ ક્ષણોમાં એમની સામે જુઓ, એમના ક્રોધમાં પણ સૌંદર્ય હોય છે. એમનું સ્વરૂપ એ સમયે એક જંગલી જાનવર સમાન હોય છે. કૂદે છે, બૂમો પાડે છે, ચહેરો લાલઘૂમ. એ સમયે તે સિંહ સમાન હોય છે, ક્રોધમાં આવીને એ કંઈ પણ કરી શકે છે. એમનો ક્રોધ પ્રામાણિક હોય છે અને જે પ્રામાણિક છે એ સુંદર છે.

કોઈ બાળકને જરાક એના ક્રોધ સ્વરૂપમાં જોજો તમને એનામાં ઊર્જાનો શક્તિશાળી વંટોળ ઘૂમરીઓ લેતો જણાશે. પરંતુ બીજી જ ક્ષણે બધું શાન્ત ! બાળક ફરીથી પ્રસન્ન અને હસતો બની જશે. હવે એનો મલકાટ પણ સાચો છે, સુંદર છે અને સાહજિક છે. એમાં ભારોભાર સૌંદર્ય છે.

—'વેન ધ શૂ ફિટસ'

## ॥ બાળકની સરખામણી ન કરો ॥

સરખામણી એક રોગ છે. ખૂબ મોટો રોગ. બાળપણથી જ આપણને તુલના કરવાનું શીખવાડવામાં આવે છે. તમારી માતા જ તમારી અન્ય બાળકો સાથે સરખામણી કરે છે. પિતા પણ બીજાં છોકરાં સાથે તમારી સરખામણી કરે છે. વળી, તમારા શિક્ષકો પણ એવું જ કરે છે.

'જોનીને જો, કેટલું સરસ કરી રહ્યો છે ! તારાથી કેમ નથી થતું ? જરા બીજાને જોઈને તો કર.' આમ શરૂઆતથી જ તમારે પોતાની સરખામણી બીજા સાથે કરવી એવું શીખવાડવામાં આવે છે. આ એક ભયંકર બીમારી છે. કેન્સરની જેમ એ તમારા આત્માને ભક્ષ કરવા લાગે છે.

બે વ્યક્તિ વચ્ચે સરખામણી હોવી શક્ય નથી. કારણ કે દરેક માનવ અદ્વિતીય છે. હું 'હું' છું અને તમે 'તમે' છો. આ જગતમાં એવું કોઈ નહીં જડે જેનાથી તમારી સરખામણી શક્ય બને. શું તમે ગલગોટાની તુલના ગુલાબ સાથે કરો છો ? ના, હરગિઝ નહીં. તમે જાણો છો કે બેઉ અલગ-અલગ છે, તેથી સરખામણી શક્ય નથી.

તમારા જેવી કોઈ વ્યક્તિ ક્યારેય પેદા નથી થઈ અને ક્યારેય થશે પણ નહીં. તમે બિલકુલ અજોડ છે અને એ તમારો વિશેષ અધિકાર છે, પૂર્ણ અધિકાર છે, પ્રભુનો પાડ છે કે એણે



તમને અજોડ બનાવ્યા છે. માટે સરખામણી કરવાનું છોડી દો. આમ કરવાથી ઉપાધિઓ જ પેદા થાય છે.

—'ગાઈડ સ્પિરિચ્યુઆલિટી'

❀

## ॥ બાળકને તમારી કાર્બનકૉપી ન બનાવો ॥

જો તમે તમારા બાળકને ખૂબ ચાહતા હો તો એને તમારી માનસિકતાથી દૂર રાખજો. સમજદાર બનવા સારું એને સહયોગ આપો. અજાણ્યાં કાર્ય કરવામાં એને મદદ જરૂર કરો. પણ તમારા વિચાર એને આપશો નહીં. એ એના માટે નકામા છે. એમ કરવાથી બાળકો પોતાની નિયતિ પણ ખોઈ બેસશે. એ પ્રકારે તમે એને નષ્ટ કરી રહ્યા છો.

નાનાં બાળકોની દૃષ્ટિમાં સ્પષ્ટતા છે. જેમ જેમ તમે મોટા થતા જાઓ છો તેમ તેમ તમારા પર ધૂળ જામતી જાય છે. બધા જ તમને શિખામણ આપતા રહે છે. શિખામણ એવી ચીજ છે કે, જગતમાં બધાં જ બીજાંને આપતા રહે છે, પણ લેતું કોઈ નથી. આવી સલાહ જ નાનાં બાળકોને બગાડી નાંખે છે કારણ કે તેઓ તમારા ઉપર નિર્ભર છે.

તમે એમના જેવા બનવાનો પ્રયત્ન કરો કારણ કે તેઓ જ ભવિષ્ય છે. તેઓ નિર્દોષ છે. અને તમારાથી પણ અધિક રીતે અસ્તિત્વની નિકટતામાં છે. તમારા માટે હવે મૃત્યુથી વિશેષ કંઈ જ નથી બચ્યું, જ્યારે બાળકના જીવનમાં હજુ લાખો ચીજો

થવાની બાકી છે. તેનામાં પ્રેમ, ધ્યાન અને અહોભાવનું અવતરણ-આવિર્ભાવ થવાનાં છે.

મહેરબાની કરીને તમે એવા ભાવને છોડી દો કે તમારું બાળક તમારી જ કાર્બનકૉપી બની રહે. આ હું એટલા માટે કહું છું કે બધા માબાપ કાર્બનકૉપી બનાવવા માટે તેમને મારે છે. જ્યારે બાળકમાં 'પોતાના અસલી સ્વરૂપ'ને પ્રાપ્ત કરવાની સંભાવના રહેલી છે.

બાળકના અસલી ચહેરામાં જ સૌંદર્ય છે, એક આભા છે; એને પ્રગટવા દો.

—'ધ મસીહા'

રોમમાં આલ્ડસ હકસલે શ્રી કૃષ્ણમૂર્તિને કહ્યું; 'હું વીસના દાયકામાં મળ્યો ને ચાળીસમાં કેલિફોર્નિયામાં તમારી સાથે રહ્યો ત્યારે એક હાથે મેં બધા આધારો છોડી દીધા ને બીજે હાથે બધા આધારો તમારામાં સ્થાપી દીધા.'

ત્યારે શ્રી કૃષ્ણમૂર્તિએ વ્યથાથી કહ્યુંઃ 'અરે ! એમ છે ! તો તમારા કૃષ્ણજીના ટુકડાં કરીને બારી બહાર ફેંકી દો. પરંતુ મહેરબાની કરીને મુક્ત થાવ.'



## ।। અધ્યાત્મના પ્રબોધક : શ્રી યોગેશ્વરજી ।।

કોઈએ શ્રી યોગેશ્વરજીને કહ્યું કે, 'તમે તો અવતારી પુરુષ કહેવાઓ. નહીં તો આટલી નાની ઉંમરમાં આવું આધ્યાત્મિક જીવન ક્યાંથી હોય ?' ત્યારે એમણે કહ્યું, 'ભાઈ, સાધારણ માણસની જેમ મેં પણ મુસીબતો ને વેદના વેઠી છે. મારી શક્તિઓ ઘણી સીમિત રહી છે અને આજે પણ હું છેક સાધારણ માણસ જ છું. પણ જીવનમાં સાચા માનવ બનીને, ઈશ્વરની કૃપા મેળવીને પરિપૂર્ણતાના શિખર પર પ્રતિષ્ઠિત થવાના પ્રયાસો મેં કર્યા છે.'

સાહિત્યના વાચન-લેખનમાં શ્રી યોગેશ્વરજીને પહેલેથી ઊંડો રસ હતો. વક્તૃત્ત્વકળાની હરિફાઈમાં પણ તેમને ઘણાં ઈનામો મળેલાં. કૉલેજના વાર્ષિક અંકમાં 'ગાંધીયુગનું સાહિત્યમાં સ્થાન' લેખને પ્રથમ ઈનામ મળેલું. એમના ગુજરાતીના પ્રૉફેસર શ્રી પી.કે.શાહ ગુજરાતીનો વિષય લઈને એ બી.એ. થાય ને ઉજ્જવળ કારકિર્દી મેળવે એવું ઇચ્છતા હતા. તેમને પોતાને પણ 'ગુજરાતીના પ્રૉફેસર' થવાનો વિચાર દિલમાં સ્ફુરી આવતો.

'પણ ઈશ્વરની ઇચ્છા મને આધ્યાત્મિકતાના માર્ગ પર, પૂર્ણતા ને પ્રકાશને પંથે આગળ ને આગળ લઈ જવાની હતી તેને લીધે મારે હિમાલયની નવી જ યુનિવર્સિટીમાં પ્રવેશ કરવો પડ્યો.' એમ તેઓશ્રી નોંધે છે.

'મેં આધ્યાત્મિક ઉન્નતિની સાધનાની એક નવી જ લાઈન લીધી ને તેમાં પારંગત થવાનો પ્રયાસ કર્યો. આ લાઈનમાં ઈશ્વરદર્શન, સાક્ષાત્કાર, સમાધિ, સિદ્ધિ, પૂર્ણતા, સ્થિતપ્રજ્ઞ દશા જેવી જુદી જુદી ડિગ્રીઓ છે, તે લાઈનમાં મારો અભ્યાસ શરૂ થયો છે ને ચાલ્યા જ કરે છે.'

❀

સાધકમાંથી સિદ્ધાવસ્થાએ બિરાજનાર મહાત્મા શ્રી યોગેશ્વરજીએ પોતાની આત્મિક કલ્યાણની યાત્રા પરિપૂર્ણ કરી દીધી. જગદંબાની પૂર્ણ કૃપા મેળવ્યા પછી જ વાણીપ્રસાદ માનવજાત માટે વહેંચવા પોતાને અધિકારી ગણનાર શ્રી યોગેશ્વરજીએ 'પરજનહિતની પ્રવૃત્તિઓ'નો પ્રારંભ કર્યો.

❀

'ભારતીય સંસ્કૃતિ'ના વિવિધ ગ્રંથોના સારતત્ત્વને અમૃતવાણીમાં વહેતું કર્યું. ભારતમાં તેમજ વિદેશોમાં તેમનાં પ્રવચનોને અદ્ભુત પ્રતિસાદ મળ્યો, જે સહજ હતો. કારણ કે અધ્યાત્મલક્ષી, સત્ત્વસમૃદ્ધ, વિદ્વત્તાપૂર્ણ પ્રવચનો કોઈપણ કક્ષાના શ્રોતાને વિષય સરળ કરી આપે, હૃદયમાં ઉતારી દે એવી સચોટ ભાષામાં રસમય રીતે તેઓ રજૂ કરતા. ગુજરાતી ઉપરાંત હિંદી તેમજ અંગ્રેજીમાં પણ તેઓ આસાનીથી પોતાના વિષયની અભિવ્યક્તિ કરી શકતા.

❀

શ્રી યોગેશ્વરજીની વાગ્ધારા અસ્ખલિત, અનાયાસે કંઠમાંથી સીધી વહેતી. કોઈ પૂર્વતૈયારી કે હાથમાં કોઈ કાગળની સહાય



વિના, કોઈપણ વિષય પર તેઓશ્રી સ્વયંસ્ફૂર્ત બોલતા. છતાં વિનમ્રતાથી કહેતા : 'વાંસળીમાંથી જે સ્વરો નીકળે છે તે વાંસળીના નથી હોતા, એમની સૃષ્ટિ કોઈ બીજું જ કરતું હોય છે.'

❀

ઉત્તરપ્રદેશના મસૂરીમાં વરસો સુધી. તેમનાં નિયમિત પ્રવચનો થયાં અને તે પ્રવચનોમાંથી પ્રાપ્ત શ્રી લક્ષ્મીથી ગરીબ વિદ્યાર્થીઓને ફી આપવાનું તેમણે શરૂ કર્યું, તેમાંથી એક વિદ્યામંદિરનો જન્મ થયો. જેનું નામ 'મહાત્મા યોગેશ્વર સરસ્વતી શિશુમંદિર' છે. જે આજે પણ મસૂરીના મુખ્ય વિસ્તારમાં 'ગાંધી-યોગેશ્વર' માર્ગ ઉપર ગાંધીનિવાસ સોસાયટીમાં એ મહાપુરુષનું ગૌરવગાન ગાતું ઊભું છે.

❀

કિશોરવયથી આરંભાયેલી એમની શ્રી સરસ્વતીની આરાધનાથી લગભગ ૯૮ ગ્રંથોનો રસથાળ એમણે જનતાજનાર્દનને ચરણે ધર્યો છે. ભારતીય સંસ્કૃતિના સઘળા ગ્રંથોને સરળ ગુજરાતીમાં અવતારી સાહિત્યને સત્ત્વસમૃદ્ધ કર્યું છે.

❀

પરદેશ પ્રવાસના પ્રયોજન માટે તેમણે કહ્યું : 'સંસ્કારી-સમજદાર વર્ગને કહેવા આવ્યો છું. 'જગતમાં આવીને શું કરવાનું હતું અને શું કરી રહ્યા છો ?' હરિ સ્મરના થા, હરિ

ભજના થા, ત્રિવિધ તાપ જો દૂર કરતા હૈ. ક્યા કરના થા? ક્યા કરતે હો?'

❀

અધ્યાત્મપ્રેમી જનતા માટે 'અધ્યાત્મ' સામયિકનું સંસ્થાપન કર્યું લોકકલ્યાણ માટે 'સર્વમંગલ ટ્રસ્ટ'ની રચના કરી.

❀

અંબાજીમાં સાધકો માટે 'સ્વર્ગારોહણ' સંકલ્પસૃષ્ટિની રચનાની આયોજના વિચારી, જેને પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીએ આજે પૂર્ણરૂપ અર્પ્યું છે.

❀

'અધ્યાત્મના અનસ્ત સૂર્ય' સમાન શ્રી યોગેશ્વરજીએ પોતાની 'કૃપાના મહાપ્રસાદરૂપે' પરમ પૂજ્ય 'મા' સર્વેશ્વરીને અધ્યાત્મ જગત સમક્ષ ધરીને સમગ્ર માનવજાતનું કલ્યાણ સાધ્યું છે.

—સંપાદન

———❀———

ડૉ.રાધાકૃષ્ણન્‌ને ઈસુ ખ્રિસ્તની એક બોધકથાનો મર્મ સમજાવતાં કહ્યું :

'પ્રભુ ! આપે અમને આંખો આપી દૃષ્ટિ દીધી નહીં.

પ્રભુ ! આપે અમને બુદ્ધિ આપી, આત્માની પરખ કરાવી નહીં.

પ્રભુ ! આપે અમને વિજ્ઞાન આપ્યું પણ તત્ત્વજ્ઞાન અને દર્શન આપ્યાં નહીં.'



## ॥ પૂર્વાશ્રમનાં આચાર્યા : સરોજબહેન ('મા') ॥

સૂરતની એસ.એન.ડી.ટી.કૉલેજમાં બી.એ.માં ગુજરાતી વિષય સાથે સમગ્ર યુનિવર્સિટીમાં પ્રથમ આવનાર. સરોજબહેન બી.એડ. કરી સૂરતના સાધના વિદ્યાલયમાં 'શિક્ષિકા' તરીકે જોડાયાં. પોતાની અનન્ય નિષ્ઠા, અપૂર્વ કાબેલિયતથી 'આચાર્યાપદે' નિયુક્ત થયાં. એમની અદ્‌ભુત વહીવટીદક્ષતા અને સમગ્રતાથી કાર્ય કરવાની રીતિને કારણે તેમને શાળાની 'બંને પાળીનાં આચાર્યો'ની જવાબદારી સોંપવામાં આવી. તો તે પણ તેઓશ્રી સહજ સ્નેહ તેમજ વિનમ્રભાવે અદા કરતાં રહ્યાં.

❀

શાળાની '૭ થી ૭'ની બેવડી કામગીરી તેમના અધ્યાત્મમાર્ગની તપશ્ચર્યામાં જરા સરખી પણ ખલેલ કરી શકી નહોતી. નિત્ય ૨૫૦ માળા કર્યા પછી જ પાણી લેવાનો નિયમ, આખા દિવસમાં માત્ર પાશેર દૂધ જ લેવાનું એમનું વ્રત બધું જ નિયમિત ચાલે. વેકેશન તો શ્રીમોટાના મૌનમંદિરમાં જ પસાર થાય. પ્રત્યેક રજાનો ઉપયોગ પોતાના અધ્યાત્મવિકાસાર્થે જ કરતાં.

❀

શાળાના કલાકો દરમિયાન ભક્તિભાવાતિરેક અનુભવતાં સરોજબહેનથી પદો રચાઈ જતાં તેમણે સંસ્થાના સંચાલકોને પોતાનું રાજીનામું સ્વીકારવા ત્રણેકવાર વિજ્ઞપ્તિ કરેલી. પણ

સંચાલકો એક જ વાત કરી એ નકારતા કે. 'તમારું સંસ્થામાં હોવું એ અમારું સદ્‌ભાગ્ય છે.'

❀

આચાર્યા સરોજબહેન વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોના શિસ્ત તેમજ કર્તવ્યપાલનના આગ્રહી હતા. તેઓશ્રી અત્યંત સંવેદનશીલ અને કરુણાળુ પણ હતાં. એની સાહેદી પૂરતો એક પ્રસંગ છે. એમની સ્કૂલમાં જ્યોતિબેન શાહ કરીને એક કલાર્ક હતાં. તેમણે સવારે એમને કહેલું કે 'મારે ચાર વાગે રજા જોઈએ છે.' પોતાના કાર્યમાં ગળાડૂબ આચાર્યને ચાર વાગે કહેવા આવ્યાં કે, 'હું જાઉં છું.' તો સરોજબહેને કહ્યું 'હજુ કેટલું બધું કામ છે ? કોણ કરશે ?' એટલે જ્યોતિબહેન તો છ સુધી કામ કરતાં રહ્યાં અને પછી ગયાં. ૬.૪૫ વાગે ઘરે જતાં સરોજબહેનને યાદ આવ્યું કે જ્યોતિબહેનને સવારે જ ચાર વાગે જવા કહી દીધેલું ને પોતે આ શું કરી બેઠાં ? હવે શું ? 'ચાલો બેનને ઘરે જઈને ક્ષમા માગીએ.' ને તેઓશ્રી સ્કૂટર પર એમને ઘરે ગયાં. જ્યોતિબેને ઉપરથી તેમને જોયાં, તે નીચે આવ્યાં, તો એમણે હાથ જોડી ક્ષમા માગીને કહ્યું 'મારી જ ભૂલ હતી. મારે ચાર વાગે તમને રજા આપવી જોઈતી હતી.'

❀

આવાં ક્ષમાશીલ, સમર્પિત, સંન્નિષ્ઠ આચાર્યાના જીવનમાં એક પ્રાણવાન પ્રસંગ બની ગયો. પોતાના સદ્‌ગુરુ, આરાધ્યદેવ શ્રી યોગેશ્વરજીને હૃદયરોગનો ગંભીર હુમલો આવતાં તેમની



સેવા માટે રોકાઈ જવું કે સ્કૂલના આચાર્યપદને સંભાળવું એ પ્રશ્ન ઊભો થયો. ત્યારે લેશ પણ વિલંબ કર્યા વિના, કારકિર્દી કે ભવિષ્યની ચિંતા કર્યા વિના તેમણે હૉસ્પિટલમાંથી જ રાજીનામું મોકલી આપ્યું અને ઘરે પણ પિતાશ્રીને પત્ર લખી દીધો !

❀

શાળાના રાજીનામાનું પ્રયોજન સદ્‌ગુરુસેવા અને આધ્યાત્મિક પ્રગતિની પ્રબળતાનું હતું.

❀

સ્કૂલના સીમિત નાના ક્ષેત્રને છોડીને સંસારના વિશાળ સેવાક્ષેત્રમાં પ્રવેશ્યાં. આમ શિક્ષિકા તરીકેની નોકરીના સ્વીકાર કરતાં ત્યાગ અધિક કલ્યાણકારક-મંગલમય જગત માટે પુરવાર થયો. આજે પણ થઈ રહ્યો છે.

—સંપાદન

❀

'અમારી સર્વ દિશામાં સર્વ પ્રકારે રક્ષા થાય.
સૌની રક્ષા થાય.
ગુજરાતની રક્ષા થાય, ગુજરાતના નાથની રક્ષા થાય.
હે પ્રભુ ! દેશની રક્ષા થાય.
વિશ્વની રક્ષા થાય.
આ ત્રિલોકની પણ રક્ષા થાય.
એ માટે સદૈવ પ્રાર્થના કરીશું.'

—'મા'

## ॥ ગુજરાતીના પ્રાધ્યાપક : ઉમાશંકર જોષી ॥

'ઉમાશંકર શબ્દના બંદા હતા, માણસના બંદા હતા, આ જગતના, સૃષ્ટિ સમસ્તના બંદા હતા.' એમ લાભશંકર કહેતા.

★

શ્રી ભોળાભાઈએ કહ્યું : 'આ જગત સાથે જેને સતત સંડોવણી રહી છે અને છતાં જેમણે શબ્દને કદી દૂષિત નથી કર્યો એવા કવિકુળના ઉમાશંકર કવિ છે.'

★

કવિશ્રી ઉમાશંકર કહે છે : 'અમારે શિક્ષકોને મન વર્ગ એ સ્વર્ગ છે.' કારણ કે વર્ગમાં માત્ર માહિતી આપવાની હોતી નથી. પુસ્તકોનો પરિચય કરાવવાનો હોય છે. એટલું જ નહીં. વિદ્યાપ્રીતિના તાર રણઝણી ઊઠે એવો કીમિયો કરવાનો હોય છે. વિદ્યાર્થીની તો એ જીવનભરની સ્મૃતિસંપદા બની જાય પણ શિક્ષક પણ કંઈક નવું અર્થઘટન, નવું પ્રકાશકિરણ પામીને વર્ગની બહાર આવ્યો હોય. શિક્ષક-વિદ્યાર્થીની 'આંતરચેતનાનું સમસંવેદન' હોય ત્યાં જ સાચી વિદ્યાનો આનંદ મળે છે. એટલે જ 'હું છું શિક્ષક, ચાલે મારી અહો અર્હનિશ શાળા !'

★

નાની અમથી ઔપચારિક બાબતમાં પણ શબ્દ પરત્વેની ઉમાશંકરની સભાનતા આપણને ચકિત કરી દે. એક લગ્નપ્રસંગમાં એમની એક વિદ્યાર્થિનીના સંબંધીએ ઉમાશંકરને કહ્યું 'આ તમારી સ્ટુડન્ટને તો તમે ઓળખતા જ હશો.' તો એમણે કહ્યું; 'She is not my student, she is



'good student' of mine.' આમ, વિદ્યાર્થીનું ગૌરવ કરવાનો એક પણ અવસર ન ચૂકે એ પ્રાધ્યાપક ઉમાશંકર !

★

એક એમ.એ.ના વિદ્યાર્થીએ એમની પાસે એક ચોપડી વાંચવા માગી ત્યારે એમણે સાફ કહી દીધું; 'એમ ચોપડી ન મળે. એ માટે તમારે બધી લાઈબ્રેરીઓમાં ફરવું પડે, પ્રયત્ન કરવા છતાં ન મળે તો જ હું તમને તે ચોપડી આપી શકું.' એ સંકોચશીલ વિદ્યાર્થી પછી એમની પાસે કદી ન ફરક્યો પણ પરીક્ષાની પૂર્વતૈયારીના દિવસોમાં એ વિદ્યાર્થીને વર્ગ પત્યા પછી બોલાવી કહ્યું : 'તમારે પ્રથમ વર્ગમાં આવવાનું છે. તમે ભવનની આશા છો.'

★

એ વિદ્યાર્થીને એક સેમિનારમાં એક અધ્યાપક તરીકે ઉમાશંકરના સહવક્તા તરીકેનું સ્થાન મળ્યું ત્યારે એમણે સભામાં કહ્યું : 'મારો તેજસ્વી વિદ્યાર્થી આ મુકામે આવશે જ એવી મારી શ્રદ્ધા આજે ફલવતી બની છે.'

★

યજ્ઞેશભાઈએ કહેલું : 'ઉમાશંકર જ્ઞાનપીઠથી મહાન હતા. મનમાં ને મનમાં એમને ગુરુપદે સ્થાપનાર અનેક વિદ્યાર્થીઓ હતા. ઘણીવાર તો જ્ઞાનપીઠથી પણ ઊંચી પ્રેમપીઠ પર બેઠેલા એ જણાતા.'

★

એક કૉલેજના વાર્ષિકોત્સવ વખતે ઉમાશંકર મુખ્ય મહેમાન હતા. એમનો અવાજ સાવ બેસી ગયેલો. ત્યારે વિશાળ શ્રોતાસમૂહને ઉદ્દેશીને એમણે આરંભ કર્યો : 'કોયલે માગ્યો

એટલે રસ્તામાં મારો કંઠ એને ઉછીનો આપીને આવ્યો છું. એટલે તમારે આજે કર્કશ અવાજ સહન કરી લેવો પડશે અને મને પણ તમારી જેમ મારો અવાજ સાંભળવો ગમે નહીં એટલે હું લાંબું પ્રવચન નહીં કરું.'

❀

હૈદરાબાદમાં ઓસ્માનિયા યુનિવર્સિટીના નિમંત્રણથી થી.ઈ.એન.નું એક અધિવેશન ભરાયેલું એનું ઉદ્‌ઘાટન કરવા રાષ્ટ્રપતિ રાધાકૃષ્ણનન પધારેલા, એમણે પોતાની અધ્યાપક તરીકેની કારકિર્દી અહીંથી શરૂ કરેલી. ત્યારે ગુલાબદાસે બ્રોકરે ઉમાશંકરને પૂછ્યું; 'અત્યારે રાધાકૃષ્ણનના મનમાં શું થતું હશે ? અધ્યાપકમાંથી રાષ્ટ્રપતિ સુધીની યાત્રાથી તેઓ કૃતકૃત્યતાનો ભાવ અનુભવતા હશે ?' તો ઉમાશંકરે અધ્યાપકની ગરિમા છલકાવની વાણીમાં કહ્યું; 'એથી ઊલટો જ ભાવ એમના મનમાં ચાલતો હશે. તત્ત્વજ્ઞાનનું અધ્યાપન એ કરાવતા એટલે એમની ઇચ્છા મહાન મૌલિક તત્ત્વચિંતક થવાની હશે. એટલે એમને એમ થતું હશે કે, નીકળ્યો હતો બુદ્ધ કે મહાવીર થવા અને થઈ થઈને રાષ્ટ્રપતિ જ થયો !'

❀

'વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી' કહેનાર ઉમાશંકર હૃદયકેળવણીનો કીમિયો અને અમૃતમય શબ્દોનું એક એવું અમીટ ભાવવિશ્વ મૂકીને ગયા કે ઈશ્વરને પણ અંતવેળાએ કહી શક્યા :

'રહ્યાં વર્ષો તેમાં અમૃત લઈ આવ્યો અવનિનું.'

—સંકલન



## ॥ સંસ્કૃતના પ્રાધ્યાપક : પ્રૉ.એ.જી.ભટ્ટ ॥

વિનમ્ર, વિદ્વાન, વાત્સલ્યમૂર્તિ સંસ્કૃતના પ્રાધ્યાપક પ્રૉ.એ.જી. ભટ્ટ વિશે શ્રી પુરુષોત્તમ માવળંકર લખે છે : 'સ્વચ્છ, સુરેખ પરિધાન, તેવું જ વ્યક્તિત્વ, છાત્રોના વિકાસમાં અંતરનો રસ ધરાવનાર-આવા ગુરુ જોયા નથી. અહંકારરહિત વ્યક્તિત્વ, ઉત્તમ અધ્યાપક, ઉમદા સાથી, બૂરુ કરનારનું પણ બૂરું ન કરે, વચન-કાયાથી હિંસા ન થઈ જાય તેની જાગૃતિ, એમની સાથેની બેઠક એટલે સમૃદ્ધિની પ્રાપ્તિ.'

❀

ભટ્ટસાહેબે રચેલ 'મોટાચરણે' સ્તુતિ આજે શ્રીમોટાના હજારો ભક્તોની દૈનિક પ્રાર્થના બની ગઈ છે. એ સ્તુતિ પૂ.શ્રીમોટાને અર્પણ કરતી વખતે પૂ.શ્રીમોટાએ એમને પૂછ્યું હતું કે, 'આ સ્તુતિ કોણે લખી ?' ત્યારે ઉત્તરમાં એમણે કહ્યું; 'મોટા, આપે લખાવી.' શ્રીમોટાએ કહ્યું : 'ભટ્ટ સાહેબ, તમે બરાબર સમજ્યા છો.'

❀

સ્વભાવસહજ નમ્રતાથી તેઓશ્રી પૂ.શ્રીમોટાનો રાજીપો એવો રળી શક્યા હતા કે હજારોની મળેલી સભામાં જ્યારે એકવાર એક ચાનો કપ આવ્યો ત્યારે પૂ.શ્રીમોટાએ કહ્યું; 'આ ચા ભટ્ટસાહેબને આપો. કૃષ્ણને જેમ અર્જુન પ્રિય હતો એમ મને આ વહાલો છે.'

❀

ભટ્ટસાહેબને ઘરે આવનાર કેટલાય વિદ્યાર્થીઓને કોઈપણ સ્વરૂપે, કંઈ પણ લીધા વિના તેઓશ્રી વિદ્યાદાન આપતા. ચાના શોખીન તેઓશ્રી વિદ્યાર્થીઓને આગ્રહપૂર્વક ચા પીવડાવતાં કહેતા : 'જો એક કપ ચા પીશો તો ત્રીજા વર્ગમાં, બે કપ ચા પીશો તો બીજા વર્ગમાં અને ત્રણ કપ ચા પીશો તો પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થશો.'

★

'અભિજ્ઞાન શાકુન્તલ' નાટક વર્ગમાં મોઢે જ ભણાવતા. રવિવારે કે રજાના દિવસે ત્રણ કલાક કૉલેજમાં વધારાનો વર્ગ લેતા ત્યારે એમનો વર્ગખંડ વિદ્યાર્થીઓથી ભરચક રહેતો. અન્ય વિષયના વિદ્યાર્થીઓ પણ એમનાં રસપ્રદ વ્યાખ્યાનો સાંભળવા બેસતા.

—સંકલન

'ખુદાના મંગલ સમુદ્રનું એક બિંદુ પણ જો તમારા ઉપર આવી ટપકશે તો આખા જગતમાં કોઈની પાસે કશું માગવાની, કોઈની વાત સાંભળવાની અને કોઈને જોવાની ઇચ્છા સુદ્ધાં તમને થશે નહીં.'

—રાબિયા

(સૂફી સંત)



## ॥ અંગ્રેજીના પ્રાધ્યાપક : ફિરોઝ દાવર ॥

'પ્રૉફેસર' શબ્દ કોઈના નામની આગળ મૂકાઈને કૃતાર્થ થતો હોય તો તે દાવરસાહેબના નામની આગળ. એમના શિષ્યોના હૃદયમાં બિરાજીને તેઓ ગુજરાતના ખૂણેખૂણે પહોંચી ગયા છે. ગુજરાતને ઘડનાર સંસ્કારસ્વામીઓમાં એમનું નામ નોંધાશે.

★

એ ઋષિ જેવી શાન્ત પ્રકૃતિના હતા. તે બોલતા ઓછું, સાંભળતા અને વિચારતા વધુ. એમની જીભે સાક્ષાત્ સરસ્વતી બિરાજે. દિવ્યવાણી એવી વહેવડાવતા તેનાથી શ્રોતાઓ મુગ્ધ થઈ જતા.

★

દાવરસાહેબ ફર્સ્ટ ઈયરની પ્રિલિમ પરીક્ષા આપવા બેઠા. એમની બાજુની બેઠકનો વિદ્યાર્થી એમની ઉત્તરવહીમાંથી જોવા ઇચ્છતો હતો. કચવાતા મને એમણે એ થવા પણ દીધું. આ જોઈને સુપરવાઈઝર દાદાસાહેબ માવળંકરે કહ્યું; 'હું તને પ્રામાણિક વિદ્યાર્થી તરીકે ઓળખું છું પણ એટલું યાદ રાખ કે, ભયથી પણ ખોટું ચલાવી લેવું તે ગુનો બને છે.'

★

એક અંગ્રેજીના અધ્યાપકે ટીકા કરી કે, 'પ્રા.દાવર તો શૅલી અને બાયરન જેવા રૉમેન્ટિક કવિઓ પણ conservative શૈલીથી ભણાવે છે.' ત્યારે તેમણે સ્મિતસહ કહ્યું 'તેમની વાત

જરૂર વિચારવા જેવી છે. મારી આવી અનેક ક્ષતિઓ વિદ્યાર્થીઓએ ઉદારભાવે સહી લીધી છે.'

❀

તેઓશ્રી કહેતા : 'સંન્નિષ્ઠા, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા એ કાંઈ મારા આગવા ગુણ નથી. રમતમાં જેમ નિયમ હોય એમ શિક્ષણના ક્ષેત્રે પણ આ તો 'પ્રાથમિક નિયમો' છે.'

❀

એકવાર તેમને કોઈકે પૂછ્યું; 'સાહેબ, તમે વર્ગમાં હાજરી કેમ લેતા નથી?' ઉત્તરમાં તેમણે જણાવ્યું : 'મારા વર્ગમાં ગેરહાજર રહેવાનું કોઈપણ વિદ્યાર્થી પસંદ કરે તો દોષ મારો ગણાય.'

દાવરસાહેબ નિયમિત એમ.જે.લાઈબ્રેરીમાં વાંચવા જતા. એ એટલું વાંચતા કે વિદ્યાર્થીઓ એમને 'walking library' કહેતા. એકવાર નરીમાન કામાએ ટીકા કરી કે, 'તમને ગાડીભાડા જેટલા પૈસા પણ નથી મળતા.' તો ઉત્તરમાં તેમણે કહ્યું; 'બદલામાં મને આખી ગુજરાત યુનિવર્સિટીની લાઈબ્રેરી મફત વાંચવા મળે છે, એ ઓછા લાભની વાત છે?'

❀

એક વખત ગુજરાત કૉલેજની હડતાળમાં વિદ્યાર્થીઓ નિસરણી પર આડા સૂઈ ગયા. વર્ગ લેવા જતાં પ્રૉફેસર દાવરે કહ્યું; 'વિદ્યાર્થીઓના શરીર પર પગ મૂકીને વર્ગમાં જવા કરતાં હું રાજીનામું આપવનું પસંદ કરીશ.' આમ કહી તેઓ પાછા વળી ગયા.



વિદ્યાર્થીઓ માટે એવો અખૂટ પ્રેમ કે, એલ.ડી.કૉલેજમાંથી નિવૃત્ત થયા બાદ તેઓએ કહ્યું; 'વિદ્યાર્થીઓ સાથેનો મારો સંપર્ક તૂટ્યો ત્યારથી મારું સ્વાસ્થ્ય કથળવા માંડ્યું.'

❀

પોતાની વર્ષગાંઠની વિદ્યાર્થીઓએ કરેલ ઊજવણી માટે કહ્યું : 'મારી કલ્પેલી યોગ્યતાઓ ઉપર જે પ્રશંસાનાં પુષ્પો વેર્યાં છે અને કુશળતાપૂર્વક મારી મર્યાદાઓ ઉપર ઢાંકપિછોડો કર્યો છે તે માટે હું હાર્દિક આભાર માનું છું.'

❀

તેમણે 'મોત પર મનન' પુસ્તકમાં લખ્યું : 'આપણો અ-મર આત્મા જર્જરિત કાયાની કાંચળી ઉતારી પ્રગતિના પંથે પ્રયાણ કરે ત્યારે લાચાર મોતનો દેવ આત્માએ ભેગા કરેલા અનુભવો, એની નેકીની મૂડી, સેવાકાર્યમાંથી મેળવેલી નામના, સદ્‌ગુણે સારવેલો સ્નેહ અને સ્વભાવની સુવાસ છીનવી શકતો નથી.'

—સંકલન

❀

'આ ત્રિભુવનમાં એક આનંદની ધારાને હું વહેતી જોઉં છું. આ અમૃતની ધારા સમગ્ર વિશ્વના અણુરેણુમાં વ્યાપ્ત થાય છે અને સંચરે છે.'

—ટાગોર

## ॥ અંગ્રેજીના પ્રાધ્યાપક : પ્રિ.એસ.આર.ભટ્ટ ॥

૧૯૩૨માં સૂરતની એમ.ટી.બી.કૉલેજના એફ.વાય.માં પ્રવેશ મેળવી સંતપ્રસાદે (એસ.આર.) પોતાના અંગ્રેજી નિબંધોના લેખન દ્વારા પ્રૉ.વિષ્ણુપ્રસાદનું ધ્યાન એવું આકર્ષિત કર્યું કે, એમણે એમને કહ્યું : 'બી.એ.માં અંગ્રેજી વિષય લેજો.' એમણે બી.એ.માં અંગ્રેજી લીધું પણ પ્રથમ દિવસે જ સંજોગવશાત્ તેઓ વર્ગમાં હાજર રહી શક્યા નહીં એટલે વિષ્ણુપ્રસાદે જાહેરાત કરી કે, 'આજે સંતપ્રસાદ વર્ગમાં હાજર નથી તો વર્ગ નહીં લેવાય.'

❀

સદૈવ જાગરૂક, મૌલિક અને નિર્ભીક વિચારક એસ.આર.ના દરબારમાં દસબાર મિનિટ પણ બેસવાનું સદ્‌ભાગ્ય સાંપડે તો કોઈપણ બૌદ્ધિક તેમનો સદાયનો શ્રોતા બની જાય એવી એમની મોહિની હતી.

❀

'હું એક ગરીબ પરિવારમાંથી આવેલ યુવાન છું અને મારા પર મારા શિક્ષકોનો મોટો પ્રભાવ રહ્યો છે. હું શિક્ષક નથી તો શું છું ? એ નક્કી નથી કરી શકતો. શિક્ષણનું તેજ ઘટે એવું મારા હાથે કાંઈ થયું નથી. મોરારજીભાઈ કે ઇન્દિરા ગાંધીને સામી પાટલીએ બેસાડીને શીખવવા કરતાં નિરંજન કે રઘુવીરના વર્ગમાં હોવું સાર્થક છે.'

❀



'મેં કદી મારા વિદ્યાર્થીને પરીક્ષા માટે શીખવ્યું નથી. મેં વિદ્યાર્થી માટે કુતૂહલ જ ઊભું કર્યું છે. એકવાર તમે એનો મનોવ્યાપાર ચાલુ કરો પછી તે જાતે જ વાંચીને આગળ વધી શકશે.'

❀

ઘડિયાળના કાંટા જોઈ વર્ગો લેવાનું કદી વિચાર્યું નહોતું. કહેવાય છે કે એક મધરાતે 'કુમાર' કાર્યાલયની 'બુધ' સભામાંથી છૂટીને તેઓ રાયપુર ચકલાની કોઈ ફૂટપાથ પર મિત્રો સાથે ચર્ચા કરતા ઊભા અને એમને માટે પરોઢ પેલી ફૂટપાથે જ ફૂટ્યું ! એચ.કે.હૉલમાં એમના સન્માનસમારંભે કહેલું, 'મેં પરોક્ષ વિદ્યા મેળવી છે. મને દ્રોણ જેવા ગુરુ મળ્યા નથી. હું પુસ્તકો સાથે બાખડ્યો છું. આ જગતમાં કેમ ગોઠવાવું તેનું જ્ઞાન મેળવ્યું છે શિક્ષક બન્યો તેનો મને કદી રંજ થયો નથી. શિક્ષણક્ષેત્રે મેં કાંઈ કર્યું હોય તો તે મારા વિદ્યાર્થીઓમાં અર્થપૂર્ણ જીવન કેમ જીવાય તેનો વિચાર કર્યો તે છે.'

❀

શ્રી સનત મહેતાએ કહેલું : 'આપણે ભટ્ટસાહેબને લૂંટી શક્યા નથી. એસ.આર.ને આકાશ, પૃથ્વી, પાતાળ-ત્રિભુવનના કોઈપણ વિષય પર પૂછો અને કલાકો સુધી રસપૂર્વક સાંભળ્યા જ કરો, કારણ કે એમનું મુખ્ય કાર્ય જ તમને વિચારતા કરવાનું રહ્યું છે. પાયામાંથી પ્રશ્નો ઉખેળાવે, આમૂલ વિચાર કરાવે.'

❀

બકુલ ત્રિપાઠીએ કહ્યું કે તે ‘સ્વ’નું ગૌરવ તો સમજાવે જ. પરંતુ જે માનવપ્રાણી માત્ર આહાર, નિદ્રા, ભય, મૈથુનથી જ જીવનઢસરડો કરતો હોય તેને પ્રાણીમાંથી માણસ બનાવનારો અદ્‌ભુત કીમિયાગર એટલે એસ.આર.

❀

નિરંજન ભગતે કહેલું : ‘એસ.આર.ની જીવની અતિ વ્યાપક છે. એસ.આર.નું વ્યક્તિત્વ અત્યંત નિર્મળ છે. એ સમગ્ર અર્થમાં ‘સર્વદેશીય મહામાનવ’ છે.’

❀

શેક્સપિયરના ચિત્તમાં અને સર્વાધિક તો તેની નાટ્યસૃષ્ટિના અંતઃપુરમાં પ્રવેશવાનું સુવર્ણદ્વાર ‘શેક્સપિયર’ પ્રસ્તુત પુસ્તક દ્વારા આપણી ભાષામાં ખુલ્લું મૂકાયું છે.

❀

એમની વિદાયથી આઠે દિશાઓમાં પ્રસરેલ ચેતનજગત સ્થગિત થઈ ગયું. સરસ્વતી બેઘર થઈ ગઈ. વિદ્વત્તા અનાથ થઈ ગઈ. સમય શોકમાં ડૂબી ગયો. એમની સાથે જેમણે કલાકો ગાળ્યા છે, તેમને ખબર છે કે એ શાન્ત, અંતર્મુખ અને કોઈ બીજા જગતમાં ખોવાયેલા એ માણસમાં માહિતી તથ્ય, જ્ઞાન અને વિદ્વત્તાના કેટલાય સાગર ઘૂઘવતા હતા !

———❀———

‘The urge to learn is holy urge.’



## ॥ અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક : પ્રિ.એસ.વી.દેસાઈ ॥

એક વિદ્યાર્થી દિવ્યભાષ અંજારિયા લખે છે : ‘આચાર્ય એસ.વી.દેસાઈ એ એચ.એલ.કૉલેજ ઑફ કૉમર્સથી વિભક્ત ન કરી શકાય એવું વિશેષ નામ છે. મેં આ કૉલેજમાં પ્રવેશ લીધો કારણ કે અન્ય કૉલેજ પાસે અન્ય આચાર્યો હતા જ્યારે એચ.એલ. પાસે એસ.વી. હતા.’

❀

એચ.એલ.કૉલેજ ઑફ કૉમર્સને બદલે ‘એચ.એલ.કૉલેજ ઑફ કેરેક્ટર’ રાખવા અનુરોધ કરનારે યશ આપ્યો હતો પ્રિ.એસ.વી. દેસાઈ અને એમના સાથીમિત્રોને !

❀

અંગ્રેજી સાહિત્યની એક પણ મહાન કૃતિ એવી ન હતી કે જે દેસાઈસાહેબે વાંચી કે વસાવી ન હોય. રામુ પંડિત એમના ઘરના અભ્યાસખંડના ચારેબાજુ પુસ્તકોનાં કબાટો જોઈ આભા બની, પૂછી બેઠેલા : ‘સાહેબ, આ બધાં પુસ્તકો આપનાં પોતાનાં છે ?’ ‘તો શું હું કૉલેજમાંથી ચોરી લાવ્યો છું એવું તમને લાગે છે ?’ તેમણે કહ્યું.

❀

કૉલેજની ચૂંટણીમાં એક છોકરાને પકડી પૂછ્યું, ‘તું કંઈ કૉલેજનો ?’ એણે કહ્યું : ‘સાહેબ, હું આ કૉલેજનો જ છું. સત્ય બોલું છું ને સત્ય સિવાય કંઈ બોલતો નથી.’ એટલે એમણે

હેડક્લાર્કને બોલાવી કહ્યું : 'આમનું નામ નોંધી લો ને કૌંસમાં લખી લો - મોહનદાસ કરમચંદ ગાંધીનો બીજો અવતાર.'

❀

એકવાર એચ.એલ.માં પ્રવેશ મેળવવા ઇચ્છતા એક વિદ્યાર્થીએ એની બે ટ્રાયલના ટકાનો સરવાળો કહ્યો ત્યારે લાગલું એને પૂછ્યું 'તમારી ઉંમર કેટલી ?' પેલાએ કહ્યું : 'અઢાર'. 'તારે લગ્ન માટે કેટલી ઉંમરની છોકરી જોઈએ ?' પેલાએ કહ્યું : 'સોળની'. એમણે કહ્યું : 'આઠ-આઠની બે ચાલે ?'

❀

હાસ્યકાર વિનોદ ભટ્ટે લખ્યું છે : 'કોઈ ગુનાસર અમારો પાંચ રૂ. દંડ કરવામાં આવ્યો હતો.' અમે દંડ ભરવા જતા હતા ત્યાં રસ્તામાં એક મિત્રે પૂછ્યું, 'ક્યાં જાય છે ભટ્ટ ?' 'ચાંલ્લો કરવા...'કહ્યું, દૂર ઊભેલા દેસાઈસાહેબે સાંભળી લીધું; તેઓ પાસે આવી કહે 'મિસ્ટર ભટ્ટ ! ચાંલ્લો તો અગિયાર જ શોભે' ને અમારી અવળચંડી જીભે અમને રૂપિયા અગિયારનો ચાંલ્લો ચોંટાડ્યો.

—સંકલન

———❀———

એક સમય હતો જ્યારે વિવેકાનંદ-રામતીર્થના ગ્રંથો વાંચીને યુવાનો-યુવતીઓ એવી અકડાઈથી ચાલતાં કે જાણે 'અહં બ્રહ્માસ્મિ' થઈ ગયા ! કેવળ કલ્પનાની ઉત્તેજના ! જીવે તો ખબર પડે કે લોઢાના ચણા છે.



## ॥ રસાયણશાસ્ત્રના પ્રાધ્યાપક : ડૉ.આર.ડી.દેસાઈ ॥

'વિજ્ઞાન જીવનની ગતિ વધારશે પણ અધ્યાત્મ યોગ્ય દિશા આપશે.' એમ કહેનાર આર.ડી.દેસાઈ પરિશ્રમ કરવામાં સમયને પણ ભૂલી જતા. એકવાર લંડનની પ્રયોગશાળામાં સતત ૪૮ કલાક સંશોધન કરનાર. તેમને પટાવાળાએ કહ્યું, 'સાહેબ તમે પરમ દિવસે સવારે લેબોરેટરીમાં આવેલા અને આજે તો ત્રીજા દિવસનું પ્રભાત થયું.' ત્યારે જ તેમને એની જાણ થઈ !

❀

કૉલેજનો કોઈ વિદ્યાર્થી તોફાન કરતાં પકડાય તો તેઓ પહેલાં તો સારી પેઠે ખખડાવી નાંખે અને પછી પચાસ રૂપિયાનો દંડ ફટાકારી દે. વિદ્યાર્થી કહે, 'સાહેબ, આ તો બહુ છે' તો કહે 'જા, પચીસ ફરી દે.' વિદ્યાર્થી કહે, 'મારી આર્થિક સ્થિતિ સારી નથી.' તો કહે, 'પાંચ ભરી દે.' પેલો કહે, 'સાહેબ બહુ ગરીબ છું.' તો ખિસ્સામાંથી પાંચની નોટ આપી કહે, 'લે આ પાંચ રૂપિયા. પણ દંડ તો તારે ભરવો જ પડશે.' માનવીયતા ખરી પણ સિદ્ધાંત સાથે બાંધછોડ નહીં.

❀

એકવાર વર્ગમાં જેવા તેઓ દાખલ થયા કે, વિદ્યાર્થીઓ ઊભા થઈ સામટા બોલ્યા : 'બોલો, રણછોડરાયકી જય !' (તેમનું નામ રણછોડ હતું) તો બિલકુલ ખિજાયા વિના, હસતા હસતા સ્ટેજ પર ચઢ્યા. વર્ગને નમસ્કાર કરી બોલ્યા : 'બોલો ડાકોરવાળાની જય !'

❀

પોતાની સંસ્થામાં ચાલુ વર્ગે બારીમાંથી બહાર કૂદકો મારી દોડતા જતા વિદ્યાર્થીને પકડી કહ્યું, 'જે રીતે વર્ગમાંથી બહાર આવ્યો છું એ જ રીતે બારી પર ચઢી ફરી વર્ગમાં જતો રહે. બારીની ઊંચાઈને ન પહોંચી શકતા વિદ્યાર્થી માટે તેઓ પોતે ઘોડો બન્યા અને વિદ્યાર્થી એમની મદદથી બારીમાંથી ફરી વર્ગમાં ગયો ! સિદ્ધાંત એટલે સિદ્ધાંત.'

—સંકલન

'અમારા એક મિત્રે પોતાના પૌત્રને કહ્યું : 'દીદીમાને ચરણસ્પર્શ કરો.' ચાર વર્ષનો બાળક ખૂબ ઠાઠથી મારી પાસે આવ્યો, મારી સામે ઊભો રહ્યો અને ઝૂકીને તેણે પોતાના ચરણને સ્પર્શ કરીને પ્રણામ કર્યા. દાદાએ પૂછ્યું : 'આ શું કર્યું ?' તો તે કહે : 'આપણા પગ નથી કે બીજાના સ્પર્શવા ?'- આજે આ જમાનો છે. આ હવા છે. ખૂબ સુંદર હવા છે. સ્વાધીનતાની માંગ કરનારો જમાનો છે.'

**—વિમલા ઠકાર**



## ॥ સંસ્કૃતના શિક્ષક : પાંડુરંગ (શ્રીરંગ અવધૂત) ॥

પાંડુરંગ 'રાષ્ટ્રીય આદર્શ વિનયમંદિર' શાળામાં સંસ્કૃતના શિક્ષક તરીકે નિયુક્ત થયા પછી પણ રાતે બે વાગે ઊઠી ધ્યાનમાં બેસી જાય એક વખત એમની શાળામાં ઇન્સ્પેક્શન આવ્યું. ઇન્સ્પેક્ટરે પાંડુરંગના વર્ગમાં જોયું તો બધા વિદ્યાર્થીઓ પોતપોતાનું કામ કરતા હતા. જરાક પણ ગણગણાટ નહીં. પણ શિક્ષક વર્ગમાં ન હતા ! પાંડુરંગ જમવા ગયા છે એ જાણતાં સામેથી આવતા પાંડુરંગને પૂછ્યું; 'જમી આવ્યા ? આટલા વહેલા ?' એમણે માર્મિક ઉત્તર આપ્યો 'હા, સાહેબ મારો સૂરજ બે વાગે ઊગે છે. જ્યારે આપ બધાંનો છ વાગે ઊગે છે. આપ જમો છો એના કરતાં હું કલાકેક મોડો જમું છું.'

❀

પાંડુરંગ ગુરુવાર કરે એટલે બપોરની રિસેસ વખતે એક વિદ્યાર્થીને રૂપિયો આપી પેંડા મંગાવે. દર વખતે પેંડાની સંખ્યા ઓછીવત્તી થાય. પોતે વિદ્યાર્થીને કશું પૂછે નહીં. પણ પેલા વિદ્યાર્થીનું દિલ ડંખે. એમ કરતાં કરતાં એક દિવસ એ પાંડુરંગના પગ પાસે બેસી ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડ્યો. પાંડુરંગે તેને પંપાળતાં કહ્યું; 'દીકરા, રડ નહીં. તને એવો વિચાર કેમ ન આવ્યો કે તને ભણાવનારમાં તારા કરતાં કંઈક વધારે સમજણ હશે ? પણ મારા મનને સમજાવ્યું કે તને લાવી આપનારને મહેનતાણું તો ચૂકવવું જ જોઈએ ને ? તેં તારી મેળે જ એ લઈ લેવાનું નક્કી કરી લીધું.' વિદ્યાર્થીને વ્યથિત જોઈ, ખૂબ શાંતિથી કહ્યું; 'દીકરા, જગતમાં એકેય પાપ એવું નથી કે જે સાચા દિલના પશ્ચાતાપની ભઠ્ઠીમાં

બળીને ભસ્મ ન થઈ જાય અને ભગવાન માફી ન આપે.'

❀

પાંડુરંગ અનસૂયાબેન સુતરિયા અને શંકરલાલ બેન્કરને ત્યાં સંસ્કૃત ભણાવવા રહ્યા. અનસૂયાબહેન અનેકાનેક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલાં હોવાથી નિયમિત અધ્યયન માટે ન બેસતાં પણ પગાર નિયમિત આપતા. પાંડુરંગે વગર મહેનતનો પગાર લેવાની ના પાડી.

❀

નિર્મળાબેને એમને ફી વિશે પૂછતાં એમણે પુણ્યપ્રકોપ ઠાલવ્યો : 'બ્રહ્મવિદ્યાનાં મૂલ્ય ! એ જો પૈસાથી પ્રાપ્ત થતી હોત તો બધા જ શ્રીમંતો બ્રહ્મવિદ થઈ બેઠા હોત.'

❀

એકવાર સરલાદેવીએ ભગવાનદાસ સ્મારકનાં પુસ્તકો પ્રકાશિત કરવાનું કામ સોંપી પાંડુરંગને પછ્યું, 'આપે ક્યા ક્યા ગ્રંથ જોયા છે ?' જવાબ મળ્યો; 'મારી યાદી સાંભળીને જ મારા જ્ઞાનનું માપ કાઢવાનું હોય તો હું માનું છે કે, આપનો ગ્રંથપાલ સારી યાદી આપી શકશે. પણ આપે જે જે ગ્રંથો વાંચ્યા હોય તેનાં નામ કહો એટલે એમાંના કોઈ ગ્રંથસંબંધે આપણે કંઈક વાતચીત કરીએ ?'

❀

સ્વાતંત્ર્યસંગ્રામમાં ઝુકાવવા ગયા ત્યારે ગાંધીજીએ તેમને પૂછ્યું 'ક્યાંથી આવો છો ?' તેમણે કહ્યું; 'બરોડા કૉલેજમાંથી વિદ્યાર્થીઓના પ્રતિનિધિ તરીકે.' 'તમે પ્રતિનિધિ છો એની ખાતરી ?' 'આ પ્રશ્ન તો ત્યારે જ ઉપસ્થિત થાય બાપુ, જ્યારે કોઈની ફરિયાદ થાય કે આ અમારો પ્રતિનિધિ નથી. સિંહનો જંગલના રાજા તરીકે કોણ રાજ્યાભિષેક કરે છે ?' આવો



આત્મશ્રદ્ધાનો ટંકાર સાંભળી ગાંધીજીએ કહ્યું, 'શાબાશ ! આવા સો જવાનો મળે તો સ્વરાજ હાથવેંતમાં છે.'

❀

ગાંધીજીએ કહ્યું; 'ડાકોર દેવસ્થાન ખરું પણ ત્યાં ગંદકી બહુ.' પાંડુરંગે કહ્યું; 'હું દર્શન કરવા ગયો હતો એટલે 'ડાકોરનાથ' સિવાય બીજો કોઈ વિચાર મનોચક્ષુ સમક્ષ હતો જ નહીં.'

❀

નવજીવનની નકલોની વ્યવસ્થા પાંડુરંગને સોંપાઈ હતી, એમણે તો ફેરિયાને કહી દીધું, 'જેટલી નકલો જોઈએ તેટલી ગણી લો અને અને પૈસા ગણીને બાજુમાં મૂકો.' આ જાણતાં સ્વામી આનંદે ટકોર કરી ત્યારે તેમણે સ્પષ્ટ કહ્યું; 'સત્ય અને અહિંસાનું અહર્નિશ પ્રતિપાદન કરનાર સંસ્થાનો માણસ કોઈ સામે અવિશ્વાસથી જોઈ જ કેમ શકે ?'

❀

કૉલેજની ઇન્ટરની પરીક્ષા વખતે સખત બીમાર પડતાં એક જ્યોતિષીએ તેમના ગ્રહો જોઈ પરીક્ષા આપવાનું મુલતવી રાખવા કહ્યું પણ એમણે પરીક્ષા આપી જ અને ઘરે બધાંને કહ્યું; 'છાપામાં નંબર ન આવે તો સમજવું કે છાપાવાળાની ભૂલ છે' અને બીજા વર્ગમાં પાસ પણ થયા. પાંડુરંગ જ્યારે મેટ્રિકમાં હતા ત્યારે અંગ્રેજીની પરીક્ષા લેવા આવનાર એક ખ્રિસ્તી પ્રિન્સિપાલે પૂછ્યું, 'તમે બ્રાહ્મણો જનોઈ કેમ ધારણ કરો છો ?' પાંડુરંગે સામું પૂછ્યું, 'સાહેબ, આપ કૉલર અને નેકટાઈ શા માટે ધારણ કરો છો ?'

—સંકલન

## ॥ ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક : તીર્થરામ (રામતીર્થ) ॥

લાહોર કૉલેજમાં પહેલા વર્ષની પરીક્ષામાં પ્રથમ આવનાર તીર્થરામ ક્યારેક ગણિતના પ્રાધ્યાપક બીમાર પડે તો એમના વતી વર્ગમાં અધ્યાપનકાર્ય કરતા.

❀

૧૮૯૩ની બી.એ.ની પરીક્ષામાં પણ તેઓ પ્રથમ આવ્યા. ગણિતના પેપરમાં કુલ તેરમાંથી નવ દાખલા ગણવાના હતા. તેઓએ તેરેતેર દાખલા ગણ્યા અને લખ્યું કે, 'ગમે તે જોઈ લો.'

❀

કૉલેજના બીજા વર્ષમાં કોઈએ ટકોર કરી કે 'ગોસ્વામી બ્રાહ્મણનો છોકરો થઈને તું સંસ્કૃત જાણે નહીં એ કેવી વાત ?' ફારસી છોડી, સંસ્કૃત સાથે બી.એ. થયા ને શિષ્યવૃત્તિ મેળવી એમ.એ. થયા. અને જ્યાં પોતે અભ્યાસ કરતા હતા એ જ કૉલેજમાં ગણિતના પ્રાધ્યાપક થયા.

❀

એક પત્રમાં એમણે લખેલું : 'ધન કમાવવામાં મને આનંદ નથી. મારે મન તો ઝાડની છાયા એ મારું ઘર, ઉઘાડી ધરતી, એ મારી પથારી ભસ્મ એ મારું વસ્ત્ર અને ભિક્ષા એ મારું પકવાન ! આ મળે તો મારા જેવું સુખી કોઈ નથી.'

❀

અમેરિકામાં એક વ્યાખ્યાનમાં એમણે કહ્યું, 'ઈશ્વર નથી



હિંદુ, નથી મુસલમાન, નથી ખ્રિસ્તી !...ઈશ્વર નથી મીસ, નથી મિસ્ટર કે નથી મિસિસ. એ મિસ્ટરી (ગૂઢ રહસ્ય) છે.'

❀

જે સત્યનો મેં સાક્ષાત્કાર કર્યો છે તેની જ હું વાત કરીશ.

❀

ઈ.સ.૧૯૦૪માં તેમને જે સ્ટીમરમાં બેસવાનું હતું તેમાં ભારતના લૉર્ડ કર્ઝન હતા. તો એમણે કહ્યું, 'એક સ્ટીમરમાં બે બાદશાહ નહીં જઈ શકે !'

❀

તેઓ કહેતા : 'હું ભારત છું, સમગ્ર ભારત છું. પૂર્વ અને પશ્ચિમ ભારત મારા બે બાહુ છે. એ બંને બાહુ પહોળા કરી હું સમગ્ર માનવજાતને ભેટું છું. હું જ્યારે ચાલુ છું, ત્યારે ભક્તિ ચાલે છે એવું અનુભવું છું. હું બોલું છું ત્યારે ભારત બોલે છે. હું શંકર છું. શિવ છું. દેશભક્તિનો આ ઊંચામાં ઊંચો આવિષ્કાર છે. આ જ વ્યવહારુ વેદાન્ત છે.'

—સંકલન

———❀———

'માતાપિતાના જીવનમાં સંયમ તેમજ લયબદ્ધતા હશે તો બાળકના ખાવાપીવા, બોલવા-ચાલવા, બેસવા-ઊઠવાની બાબતમાં આવશે. કારણ કે They will grow with it.'

## ॥ સાચા કેળવણીકાર : શ્રીમોટા ॥

શ્રીમોટાને ભણવાની તત્પરતા જાગી. કાલોલમાં અંગ્રેજી નિશાળ નવીસવી ઊઘડેલી, ફી વડે એનો આધાર. ફી માફી કોણ આપે ? તેથી આખી શાળાનું મકાન વાળવાનું મેં માથે લીધું. પાટલીઓ, ટેબલો, ખુરશીઓ, પાટિયાં વગેરે બધું લૂછવાનું ને સાફ રાખવાનું. ભણવામાં પ્રભુકૃપાથી પ્રથમ નંબર રહેતો. જો બેચાર વર્ષ કૂદી શકાય તો તેટલાં વર્ષ બચે. એક નવા મુખ્ય શિક્ષક આવતાં તેમને ઘેર જાઉં. શાકભાજી, ચીજવસ્તુઓ લાવી દઉં. છોકરાને રમાડું. કૈંક ને કૈંક મદદ કરું તેથી તેમનાં પત્ની મારા પર દીકરા જેવો પ્રેમભાવ રાખતા. મને જે તે ખાવાનું આપ્યા કરે. એમ કરતાં પહેલા ચાર ધોરણ દોઢ વર્ષમાં પૂરાં કર્યા.

❀

શ્રીમોટાના સ્નાતક થવાના બે-ચાર મહિના અગાઉ જ ગાંધીજીનું પ્રવચન સાંભળ્યું : 'દેશ ભડકે બળે છે ને તમારા બધાથી ઠંડે કલેજે આમ અભ્યાસ કરવા કેમ બેસી રહેવાય છે ? ને તેમણે અભ્યાસ સમૂળગો મૂકી દીધો.'

❀

પૂજ્યશ્રીમોટા ગાંધી આશ્રમની શાળા ઉપરાંત હરિજન સંઘનું કામ ઠક્કર બાપાના હાથ નીચે રહીને સંભાળતા હતા. 'તમે એકલે હાથે બે સંસ્થાનું કામ કઈ રીતે કરી શકો છો ?' એવા ગાંધીજીના પ્રશ્નનો ઉત્તર આપતાં એમણે કહ્યું : 'william pit the younger was the prime minister of England at the age of 24.'

❀

એક વખત થિયોસૉફી-હોમરૂલ ચળવળના નેતા સન્નારી શ્રીમતી એની બેસેન્ટ શાળાની મુલાકાત માટે આવવાનાં હતાં. સમય પાંચનો નક્કી થયો હતો. પરંતુ ૫.૩૦ સુધી તેઓ ન આવતાં તેમણે બાળકોને છોડી મૂક્યાં. તેઓશ્રી છ વાગે આવતાં સ્થાનિક નેતાઓએ તેમને ટપાર્યા તો કહે, 'બાળકો ઘેટાં-બકરાં છે ? તમે લોકો સમય ન સાચવી શકો તેની શિક્ષા બાળકો શા માટે ભોગવે ?'

❀

શ્રીમોટાએ 'અર્નિંગ એન્ડ લર્નિંગ'નો મહાવરો આપણે ત્યાં પરદેશની માફક જરૂરી છે એમ જણાવ્યું હતું.

❀

મારા મૃત્યુનિમિત્તે જે કોઈ નાણાંભંડોળ થાય તેનો ઉપયોગ શાળાના ઓરડા બાંધવામાં કરવો.

—સંકલન

———❀———

'જો તમે કોઈપણ કાર્ય વિના શાન્ત રહી શકો તો પ્રભુ ક્રિયાશીલ બની તમને કરણ બનાવી લે છે.'

—માતાજી

# ॥ સનાતન પ્રેમીની શોધ ॥

'જીવન અનંત છે, અને નદીના પ્રવાહની જેમ છે. જ્યાં સુધી નદી સમુદ્રમાં ભળી એકરૂપ નથી થતી-નથી બનતી ત્યાં સુધી નદીનું અલગ અસ્તિત્વ બની રહે છે. સમુદ્રમાં નદી ભળી જાય એકરૂપ બની જાય ત્યારે એ સાગરરૂપ બની જાય એમ અનેક જન્મો દ્વારા જીવનની યાત્રા આગળને આગળ સ્વરૂપાનુભૂતિ અને તે પછી સર્વત્ર સર્વમાં એ જ અવ્યક્ત ચૈતન્યાનુભુતિ થાય, તેમય બનાય ત્યાં સુધી વ્યક્તિ જીવનની યાત્રા ચાલ્યા જ કરે છે.'

આ જીવન એની અનંતની યાત્રામાં ફરી એકવાર માનવ જીવનમાંથી પસાર થવાનો શુભ અવસર પ્રાપ્ત થયો. આ દેહમાં હોશ આવતાં જ-સભાનતા આવતાં જ-સમજ આવતાં જ ૮-૯ વર્ષની ઉંમરે એક ભાવ પ્રકટ્યો-એવો કોઈ મિત્ર હોય જે હર-હંમેશા સનાતન કાળ માટે આપણી સાથે જ રહે. આ ભાવ ધીરે ધીરે પ્રબળ બનતો ગયો. જાણે કે એ એક અનિવાર્ય આવશ્યકતા બની રહ્યો. એવા મિત્રની શોધ શરૂ થઈ પણ...પણ...બધાં જ મિત્રો કાળનાં પ્રવાહમાં...છુટા પડનારા...અંતરની જે શોધ હતી અભીપ્સા હતી તેમાં તેઓ બંધ બેસતા જ ન હતા. તેમની સર્વ પ્રકારે અલ્પતા અનુભવતાતી. આ સનાતન પ્રેમીને પામવાની શોધ અનેક પ્રકારે ચાલતી જ રહી. ચાલતી જ રહી. વર્ષો વિત્યા છતાં એ પ્રબળતમ ભાવ ના જ શમ્યો. અને આખરે જીવન જીવવા પરથી રસ જ ઊડી ગયો. જીવન જીવવાની ઝંખના જ મરી પરવારી. જેને શોધું છું તે તો મળતો જ નથી. તો



જીવવાની શું જરૂર છે? આ મથામણ ઈ.સ. ૧૯૭૪માં હતી. આ વિચારોમાં ધીમે ધીમે બળ આવતું રહ્યું. અને પરિણામે દેહ છોડવાનો વિચાર પ્રબળ બનતો રહ્યો. અંતરની આવશ્યકતાને-એ સનાતન પ્રેમીની વાત કોણ સમજે? કોને કહેવાય? અંદરને અંદર અકળામણ...અંદરને અંદર વેદના, વધતાં એક રાત્રે મુંબઈ સેન્ટ્રલનાં નરીમાન પોઈન્ટના સમુદ્રકિનારે એકલા જ બેઠા હતા. રાતના ૧૧-અગિયાર વાગ્યા હશે. દેહ છોડવાનો વિચાર પ્રબળ બનતાં સમુદ્રમાં કુદી પડવાના વિચારો આવવા લાગ્યા. એ વિચારની મથામણમાં એ સમુદ્રની પાળી પર લંબાવ્યું...ઊંઘ આવી ગઈ. રાતના ભરતી આવી તેના પાણી દિવાલને અથડાઈને (ઊછળ્યા) અને મારા પર પણ પડ્યા. અચાનક...,ચમકી જવાયું અને પાળી પરથી અજાણતાં ફુટપાથ પર પડાયું. ગભરામણ ના થઈ અને એક વિચારરૂપી પ્રકાશ પ્રકટ્યો. "દેહ છોડવાની શું જરૂર છે? આ સમુદ્રમાં થોડા સમય પહેલાં ઓટ હતી. અત્યારે ભરતી છે. થોડા સમય પહેલાં પાણી ન હતું. અને અત્યારે કેટલા જોશ સાથે આવી ગયું!! એ જ રીતે જેને શોધે છે તે અત્યાર સુધી નથી મળ્યો. પણ તે એક દિવસે મળી જ જશે." અને આશ્ચર્ય!!..એ દેહ છોડવાનો વિચાર અદ્રશ્ય થયો. ઊંડી છતાં અલ્પકાલીન શાંતિ મળી. સનાતન સાથી, પ્રેમીને પામવાનો ભાવ ના શમ્યો. ભીતરમાં એનો ઈન્તજાર રહ્યા કર્યો. શોધ પણ ચાલતી રહી. આખરે ૧૯૭૪માં ઈશ્વરના પરમાનુગ્રહથી એ શોધનો અંત આવ્યો. એ સનાતન પરમ પુરુષ...પરમ પ્રેમી માનવરૂપે મળી ગયા.

રવિવાર હતો. કહેવાતા મિત્રો સાથે ફરવા ગયા. પણ અંતરથી એમની સાથે મિત્રતા ના થઈ શકી. અંતર જે

મિત્રને...સનાતન પ્રેમીને શોધતો હતો તેની તલાશમાં હતું. એ અવસ્થામાં મુંબઈ સેન્ટ્રલનાં સી.પી. ટેન્ક વિસ્તારમાં આવેલ શ્રી લક્ષ્મીનારાયણનાં મંદિરે દર્શન કરવા સાંજના સમયે એકલો જ ગયો. નાનપણમાં એક સંતે (શ્રી આત્માનંદ સરસ્વતીએ) મંદિરનાં દર્શન કર્યા પછી પગથીયા-ઓટલા પર બેસીને બોલવાનો એક મંત્ર શિખવાડેલો. તે મંત્ર બોલ્યો...અને સામેના માઈકમાંથી અવાજ આવ્યો. એ અવાજ હૃદયને સ્પર્શ્યો અને આકર્ષણ પેદા કર્યું અને જે પ્રથમ શબ્દો સંભળાયા તે એથી પણ વધુ આકર્ષક હતા. ''ભક્ત માટે ભગવાન શું કરી શકે ?''

આ બાળકને થયું ''ભગવાન શું કરી શકે ?'' ભક્ત માટે ?!! અને અદમ્ય આકર્ષણ થયું ! બેઠો હતો ત્યાંથી ઊભો થયો. અને સામે ચોકમાં જ્યાં પ્રવચન ચાલતું હતું ત્યાં ગયો. ગેટના પીલર પાસે ઊભો રહ્યો. અને જોતાંવેંત જ અંતરમાંથી ભાવ પ્રકટ્યો. ''ઓહ !! જેને (સનાતન પ્રેમીને) શોધતો હતો તે આ જ છે.''

પ્રવચન સાંભળતો જ રહ્યો. અને અંતરમાં જેટલા પણ પ્રશ્નો હતા તે  બધાના જવાબ મળી રહ્યા. જીવન જીવવા વિશેના બધા જ નિર્ણયો લેવાઈ ગયા. ઘણાં વર્ષોની મથામણોનો અંત આવ્યો. અંતર વિચારોથી રહિત થયું. અદબવાળીને ઊભાં ઊભાં જ અજાણતાં ઊંડી-વિચારાતીત ભાવાતીત અવસ્થામાં અંતર સ્થિર થયું...સ્થિત થયું. દ્રષ્ટાના અસ્તિત્વનો ખ્યાલ જ ના રહ્યો. કેટલો સમય આ સ્થિતિ રહી તેનો ખ્યાલ નથી પણ જ્યારે અસ્તિત્વે આંખ ઉઘડાવી...ત્યારે સામે ન તો પ્રવચન કરનાર હતા અને ન તો કોઈ શ્રોતાઓ હતા. એકલો આ બાળક જ ઊભો હતો. ઊંડી શાંતિ હતી.



એમનાં પ્રથમ દર્શને-શ્રવણે સંપૂર્ણ સંતૃપ્તિ થઈ. એ પ્રથમ દર્શને જ આ જીવમાં જે ભાવ પ્રકટ્યો તે અપૂર્વ હતો.

આ (પૂ.શ્રી યોગેશ્વરજી પ્રભુ) અનંત છે. અનંત ચૈતન્ય છે આ માનવરૂપે દેખાય છે પણ એટલા જ નથી...આ તો અનંત છે...વ્યાપક છે...વારંવાર આ ભાવ પ્રકટ્યા કર્યો. અને અંદરથી સંતૃપ્તિ પ્રકટી અને ફરી જવાબ મળ્યો. 'જે સનાતન પ્રેમીને શોધતો હતો-જેનો સનાતન સાથ ઇચ્છતો હતો તે આ (પ.પૂ.શ્રી યોગેશ્વર પ્રભુ) જ છે.' આ પ્રત્યુત્તર મળતાં જ અંતરમાંથી ઊંડી પ્રશાંતિ પ્રકટી અને એમાંથી આનંદ પરમ પ્રેમસ્વરૂપે પ્રકટ્યો. આ પ્રેમે પ્રાર્થનાઓ શરૂ કરાવી.

'હે પ્રભુ ! (પૂ.શ્રી યોગેશ્વરજીને) મને આપના લાયક બનાવો. આપની સાથે વાતો કરી શકું, પાસે રહી શકું એવી યોગ્યતા આપો...' વગેરે ભાવો પ્રાર્થના રૂપે પ્રકટતા રહ્યા. આ પ્રથમ દર્શન પછી રોજ પ્રવચનમાં જતા પણ ખબર નહીં ક્યારેય પાસે જઈને ન તો પ્રણામ કર્યા ન તો વાતચીત કરી શક્યા. બસ..દૂરથી જ પ્રણામ...દૂરથી જ પ્રાર્થના..કદાચ એનું કારણ એ પણ હોય કે પૂ.શ્રી પ્રભુ પાસે પહોંચતાં જ તન-મન-પ્રાણને એક દિવ્ય ચૈતન્યનો સંસ્પર્શ થતો અને તન-મન-પ્રાણને એ દિવ્ય ચૈતન્યનો સંસ્પર્શ થતાં જ તેમાં પ્રેમનો પ્રબળ પ્રવાહ પ્રકટી રહેતો...એના નશામાં જ રહેવાતું. એ અલૌકિક દિવ્ય પ્રેમના સ્પર્શે મન-બુદ્ધિનું સંતુલન..વિવેક ન હોવાથી પાસે જવું...વાતચીત કરવી એવું બનતું ન હતું.

એક દિવસ પૂ.શ્રી પ્રભુએ પ્રવચનમાં કહ્યું, ''કેટલાક લોકો

પાસે રહીને પણ કાંઈ જ પ્રાપ્ત કરી શકતા નથી. પણ (યોગ્યતાવાળા) કેટલાક લોકો દૂરથી જ ઘણું બધું પ્રાપ્ત કરી લે છે.'' ત્યારે જરૂર આ બાળકબુદ્ધિએ માની લીધું કે એઓશ્રી મને જ કહે છે.

આ દર્શન પછી આ જીવ જે વિષય-વિકારોની પ્રાકૃતિક અવસ્થામાંથી પસાર થતો હતો. મોહનાં ભાવાત્મક બંધનનો કલેશ અનુભવતો હતો. એમાં સમજપૂર્વકનું પરિવર્તન આવવા લાગ્યું. બીજી એ સંતૃપ્તિ થઈ ગઈ કે એ પછી (અત્યાર સુધી) ક્યારેય કોઈ સંતને મળવાની ઇચ્છા જ ના થઈ. સર્વ સંશયો...સર્વે સમસ્યાનું સમાધાન પૂ.શ્રી પ્રભુજી એક યા બીજી રીતે આપ્યા કરતા હતા. એથી ન તો જરૂરિયાત ઊભી થઈ કે ના ઇચ્છા થઈ. ૐ મા ''જય કૃપાળુ મા''

આ માનવજીવનમાં સર્વોત્તમની પ્રાપ્તિ અને પરિણામે ''સ્વ'' માં જાગૃતિ પ્રકટી. એનો એક પ્રસંગ યાદ કરીએ. એ નિર્મળ-નિર્વ્યાજ-નિઃસ્વાર્થ પ્રેમીના શુદ્ધાત્મ પ્રેમને; જેનાથી આ બાળકના જીવનમાં આમૂલ પરિવર્તન પ્રકટ્યું. તે સનાતન પ્રેમીને યાદ કરી પ્રેમની પ્રણામાંજલિ અર્પણ કરીએ...આ પ્રસંગરૂપે !

**—શ્રી બાપજી**

'અહંભાવનો નાશ ન થાય ત્યાં સુધી આત્મોદય ન થાય. ખુદાના ગૌરવાન્વિત મંદિરની નજીક જઈ શકાતું નથી.'



# ॥ 'સ્વર્ગારોહણ તીર્થ'માં - ગુરુપૂર્ણિમાપર્વ ॥

'સ્વર્ગારોહણ તીર્થ'માં ગુરુપૂર્ણિમાપર્વનું મહત્ત્વ પૂ.શ્રી 'મા'એ વિશેષ રીતે સમજાવ્યું છે એટલે જ તો ૨૫૦ જેટલા સાધક ભક્તો સ્વર્ગારોહણમાં રીપેરીંગ કામની અસવલત અને વરસાદી માહોલ હોવા છતાં ગુરુભગવંતની આ સંકલ્પસૃષ્ટિ સમા પાવનધામ સ્વર્ગારોહણ આવી પહોંચ્યા.

સવારે ૬વાગે પૂ.શ્રી 'મા' સાથે ગંગાતટના પવિત્ર દર્શનની ડી.વી.ડી. નિહાળતા સૌ એ ૪૫ મિનિટ ધ્યાન કર્યું. તે પછી સ્વર્ગારોહણની નિત્યવંદના. પ્રણામપૂજા અને પ્રાર્થનાના કાર્યક્રમ પછી પ્રથમ બેઠક પૂર્ણ થઈ.

નવવાગે બીજી બેઠકનો પ્રારંભ પૂ.શ્રી યોગેશ્વરજીની જ્ઞાનામૃત ડી.વી.ડી. ''સંત પરમહિતકારી''નાં દર્શનથી થયો. પૂ.શ્રી 'મા'એ સ્વર્ગારોહણમાં પ્રસ્થાપિત કરેલી પ્રણાલી અનુસાર સવારે ૧૦ થી ૧૧ સૌએ સમૂહજપ કર્યાં.

આ પવિત્રપર્વ પ્રસંગે સૌને પૂ.શ્રી 'મા'ના દિવ્યદર્શનની અપેક્ષા સહજ રહે તેથી જ વ્યવસ્થાપકોની વિનંતી સ્વિકારી પૂ.શ્રી 'મા'એ તા.૨૬ના કેનેડાના સત્સંગની ડી.વી.ડી.- ક્લીપ, દ્વારા દર્શનપ્રસાદ મોકલી આપ્યો. માત્ર ૭ મિનિટની વીડિયોમાં પૂ.શ્રી 'મા'નો કેનેડાના ભક્તો સાથેનો સત્સંગ અને ફૂલવાડીના બાળકોના કાર્યક્રમની ઝલક સૌએ માણી.

ગુરુપૂર્ણિમાપર્વ નિમિત્તે બાળકોને સંદેશ ધરતાં પૂ.શ્રી 'મા' એ સમજ ધરી કે પર્વને નિમિત્ત બનાવી આ ગુરુપૂનમથી આવતી

ગુરુપૂનમ સુધી સૌ એક નાનકડો પણ નિયમ લઈ તેને જાગ્રત રહી પૂર્ણ કરો. દેહ સાથે મનથી અને આચારથી શુદ્ધ બનો. ગુરુની પૂજા કરતાં પહેલાં ગુરુ જેવા બની જવું પડે.

બપોરની બેઠકમાં વ્યક્તિગત સાધનાનો સમય હોવાથી નીચેના પાંચ નિયમો પૈકી કોઈપણ બે નિયમો લઈ સ્વર્ગારોહણમાં સૌએ પૂર્ણ કરવાના હતા.

(૧) ૧૦૮ પ્રદક્ષિણા

(૨) ૧૧ - ગુરુ બાવની

(૩) ૧૫૧ પ્રણામ

(૪) પ્રેમસંગીત પારાયણ - ૫ વાર

(૫) ૫૧ - મંત્રજપ માળા.

સૌએ પોતાની પસંદગી અનુસાર નિયમો લઈ પૂર્ણ કર્યાં. રાત્રીની બેઠકમાં પણ પૂ.શ્રી 'મા'ના 'ગુરુતત્ત્વ' ઉપર દિવ્યસંદેશનું સૌએ શ્રવણ કર્યું.

સ્વર્ગારોહણમાં તા.૧૮ માર્ચની ગુરુપૂર્ણિમા પર્વ સુધી ૪ માસ સ્થાનિક અંબાજીના ૨૫૦ પરિવારોને દરરોજ ૧ લીટર છાસનો 'પૂ.શ્રીમા'નો પ્રસાદ સત્કર્મરૂપે છેલ્લા પાંચ/છ વર્ષથી અપાય છે. આ સત્કર્મની પૂર્ણાહુતિ તા.૨૮મીએ સવારે થઈ જેમાં ગરીબ પરિવારની બહેનોને સ્વર્ગારોહણના ભક્તોના આર્થિક સહયોગથી વિશેષ પ્રસાદ અપાયો.

પૂ.શ્રી યોગેશ્વરજી તેમના વ્યાખ્યાનોમાં સમાજના નબળા વર્ગના પરિવારો માટે ચંપલયજ્ઞ/છત્રીયજ્ઞની વાત સમજાવતા તેને ધ્યાનમાં રાખી આ વર્ષ આ સત્કર્મમાં ૧૨૧ બહેનોને પ્રસાદમાં



છત્રી, ચંપલ, પ્લાસ્ટિકની ડોલ, સાડી અને બુંદી અપાયા જે તેમના રોજીંદા જીવનમાં ઉપયોગી થઈ શકે.

કાર્યક્રમની પૂર્ણાહુતિ શ્રી યોગેશ્વર જ્ઞાનામૃત ડી. વી. ડી. 'સુવર્ણ પ્રભાત'ના દર્શન સાથે થઇ તે પ્રસંગે પૂ. શ્રી 'મા'ની વર્ષ ૨૦૧૭ ના કેનેડામાં યોજાયેલ ગુરુપૂર્ણિમા-કાર્યક્રમની ઝલક સાથે પૂ. શ્રી 'મા'નો ચિરસ્મરણીય સંદેશ પણ સાંભળવા મળ્યો.

—સ્વર્ગારોહણ સેવક

(શ્રી રાજુભાઈ જાની)

---

॥ પરસ્પરદેવો ભવ ॥

દર્શકે પોતાની આગળ ચાલતા પોતાના વિદ્યાગુરુ નાનાભાઈ ભટ્ટ માટે પોતાના સાથીને કહ્યું; 'હું આજે જે કંઈ છું. જે કંઈ કરી શક્યો છું; એ એમના પુણ્યપ્રતાપે છે.' આ જ વખતે નાનાભાઈ પોતાની સાથે ચાલતા મિત્રને કહેતા હતા; 'આ જે મારી પાછળ આવે છે, તેના બુટની વાધરી છોડી શકું એટલી લાયકાત પણ મારામાં નથી.'

❀

આન્દ્રે જિદે કહેલું; 'કોઈ મને લખતાં રોકે તો હું આપઘાત કરું.' કવિ પોલ વાલેરીએ કહેલું; 'કોઈ મને લખવાની ફરજ પાડે તો હું આપઘાત કરું.' શિક્ષકને પણ 'કોઈ ભણાવતાં રોકે અથવા ભણાવવાની ફરજ પાડે' એ પહેલાં એણે ચેતી જવું જોઈએ. સાવધાન થઈ જવું જોઈએ.